એક દિન આપશ્રીને આજ્ઞા કરી--જૈસે લોક મેં અન્યમાર્ગીય પ્રતિવર્ષ જન્મદિન મેં અપની શત વર્ષ પર્યંત આયુ સુખ વૃદ્ધિ કે લિયે માર્કંડેય, અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન, કૃપાચાર્ય, પરશુરામ–ઇન આઠન કો ચિરાયુ જાનકર પૂજન કરે હૈં, તા રીત સૂં પુષ્ટિમાર્ગીયન કૂં નહીં કરનો. કાહે કૂં માર્કંડેયાદિ હૈં, સો સ્વયં તો પૂર્ણ ચિરંજીવી નહીં હૈં. પૂર્ણ ચિરાયુ તાકૂં કહે હૈ, જાકી મૃત્યુ કદાપિ નહીં હોય. વે તો સાત

કલ્પાદિ આયુવારે હૈં, પીછે નશ્વર હૈં, સ્વયં પરતંત્ર હૈં, ફલ દેયવે મેં સામર્થ્ય નહીં હૈ. તિન કી પૂજા કરવે સૂં કોઈ કી ચિરાયુ નહીં ભઈ. મુખ્ય તો યહ અન્યાશ્રય હૈ. અન્યાશ્રય કી તો ગંધ ભી કંધરા કો બાધક હૈ, ઐસે શ્રીગુસાંઈજી કો કથન હૈ. યહ પૂજન વૈદિક ભી નહીં હૈ. શ્રીપ્રભુ શ્રીગુસાંઈજીને ભી નહીં કિયો. યહ પૂજન પુરાણિક હૈ. થોડે સે કાલ સૂં પ્રવૃત્ત ભયો હૈ. તાસૂં જામેં અન્યાશ્રય ભી નહીં હોય, વેદશાસ્ત્રપુરાણોક્ત કુલપરંપરા કર કે હૂં પ્રાપ્ત હોય, લૌકિક--વૈદિક પ્રકાર સૂં સંગ્રાહ્ય ભી હોય, યા પ્રકાર સૂં માર્કંડેય પૂજા કરની. અષ્ટ ચિરંજીવી અલૌકિક પુષ્ટિફલસાધક, ભગવત્સંબંધી કાર્ય મેં આયુવૃદ્ધિ કરવેવારે નિત્ય જીવનમુક્તિ-સંપાદક અષ્ટ ભક્ત હૈં. સો (૧) શ્રીદામા, (૨) સુબલ, (૩) સુબાહુ, (૪) અર્જુન, (૫) વરૂથપ, (૬) તોષ, (૭) ભદ્રસેન, (૮) મધુમંગલ, તૈસે હી (૧) દામોદરદાસ હરસાની, (૨) પદ્મનાભદાસ, (૩) પ્રભુદાસ, (૪) કૃષ્ણદાસ મેઘન, (૫) કુંભનદાસ, (૬) સૂરદાસ, (૭) પરમાનંદદાસ, (૮) ગોવિંદ દુબેજી, અથવા તૈસે હી (૧) નાગજી ભટ્ટ, (૨) ચાચા હરિવંશજી, (૩) ભાઈલા કોઠારી, (૪) રૂપચંદ નંદા, (૫) હૃષીકેશજી, (૬) ચતુર્ભુજદાસજી (૭) ગોવિંદસ્વામી, (૮) છીતસ્વામી, અથવા શ્રીજી (શ્રીગોકુલેશજી) કે અનન્ય ભકત (૧) શ્રીમોહનદાસ, (૨) શ્રીગોકુલદાસ, (૩) ગોપાલદાસ, (૪) વલ્લભદાસ, (૫) માધવદાસ, (૬) વિઠ્ઠલદાસ, (૭)

(૮) હરિદાસ. ઇનકો અપન ભાવ–આસકિત અનુસાર પૂજન કરનો યોગ્ય હૈ. તામેં વિશેષ પૂજનપ્રકાર તો સંસ્કૃત મેં હૈ....સૂચના માત્ર યહાઁ ભી લિખે હૈં. બિના કીલ કે પટ્ટા પે સાથિયા કરે. તા પર આઠ દિશાન મેં ચાંવરન કી ઢેરી કરે, ઔર એક મધ્ય મેં કરે. તામેં મધ્ય મેં દો પૈસે ધરે. સુપારી, ગુડ કી ડેલી ધર કે તામેં ભકતન કે ગુણ કે અધિપતિ શ્રી ગિરિરાજજી તાકોં ભાવના સોં આવાહન કર ષોડશોપચાર સૂં પૂજન કરનો. આઠ દિશા મેં ચાંવરન કી ઢેરી મેં દો-દો પૈસા ધર, ઊપર સુપારી ધર, તામેં યથા ભાવાસકિત અનુસાર અષ્ટ ચિરંજીવી કો આવિર્ભાવ ધ્યાન કર, આવાહન કર, ષોડશોપચાર પૂજન, નૈવેદ્ય, સેવ કે લડુઆ, મિષ્ટાન્ન, પ્રસાદી બટેરા મેં આગે ધરનો. પાછેં દક્ષિણા દે કર વિસર્જન કરનો. યા પ્રકાર સૂં કરે, તો તિનકી કૃપા સૂં મરણાદિ દોષ, ચિત્તોદ્વેગાદિ સેવાપ્રતિબંધક રોગ નિવર્ત હોય જાય હૈ. ઔર શુદ્ધ પુષ્ટિરસ કે અનુભવ યોગ્ય સ્વરૂપવારો હોય જાય હૈ. નિત્યલીલા મેં પ્રવેશ હોય હૈ. નિત્ય લીલારસ કો અનુભવ હોય. તાસૂં પૂર્ણ ચિરાયુ હોય.

વચનામૃત-૪૪

(શ્રીહસ્તાક્ષર સૂં લિખે પત્ર કી પ્રતિ ભંડાર મેં સૂં મિલી, વાકે ઊપર સૂં —)

....આયુષ્ય હમારી ૭૭ વર્ષ પૂર્ણ. આગે પરમેશ્વર

કે હાથ હૈ. હમ અપનપો કૌન કૂં સોંપે, સો પીછે સમઝ કે કરેંગે. યા સમય તો જાયઁ હૈં.

(આ વચનામૃત પ્રમાણુ આપ કો પ્રાકટ્ય સં. ૧૯૦૪ કારતક વદિ ૧ ઔર નિત્યલીલા પ્રવેશ સં. ૧૯૮૦ ફાગુન માસ મેં ભયો. યાસૂં મહત્પુરુષ કી વાણી કી યથાર્થતા જાનિવે મેં આવે હૈ.)

વચનામૃત–રત્નાકર, ભાગ ૧

૨

શ્રીકૃષ્ણ રસાવિષ્ટ ગો.શ્રી કનૈયાલાલજી મહારાજનાં

૫૫ વચનામૃત

શ્રીકૃષ્ણલીલારસાવિષ્ટ
ગો. શ્રી કનૈયાલાલજી
મ. ચતુર્થ પીઠાધીશનાં

* ૫૫ વચનામૃત *

જીવન-પરિમલ

અનન્યશિરોમણિ ગો. શ્રી. રમણલાલજી મહારાજને ત્રણ પુત્રો થયા હતા: ૧. શ્રી વ્રજપાલલાલજી, ૨. શ્રી કનૈયાલાલજી અને ૩. શ્રીઘનશ્યામલાલજી. દ્વિતીય પુત્ર શ્રી કનૈયાલાલજીનું પ્રાકટ્ય સં.૧૯૨૫ ના શ્રાવણ વદિ ૮ ને સોમવારના દિવસે શ્રીકૃષ્ણજન્મ સમયે જ, મોક્ષદાયિની સપ્તપુરીમાંની સુપ્રસિદ્ધ મથુરાપુરીમાં થયું હતું. આપશ્રીનાં માતાજીનું નામ શ્રીરાણી વહુજી હતું.

શ્રીકનૈયાલાલજીએ ૩ માસ અને ૩ દિવસ અંગીકાર કર્યા હતા, ત્યારે ગોકુલવાળા ગો. શ્રી લક્ષ્મણલાલજીનાં પત્ની શ્રીચંદ્રાવતી વહુજીએ, બાલ કનૈયા પ્રભુનાં માતા-પિતા શ્રી રમણલાલજી મહારાજ અને શ્રીરાણી વહુજીની પ્રસન્નતાયુક્ત સંમતિથી સં. ૧૯૨૬ ના કારતક વદિ ૧૧ ને સોમવારની મધ્ય રાત્રિએ મથુરાથી ગુપ્તપણે ગોકુલ પધરાવી, મંગલ તિલક સાથે દત્તકવિધાનની વિધિ પૂર્ણ

કરી શ્રી ગોકુલનાથજીની ચોથી ગાદી ઉપર પધરાવ્યા. શ્રીકનૈયા પ્રભુને ગુપ્તપણે પધરાવવાનું કારણ એ હતું કે, તે સમયના તિલકાયત ગો. શ્રી ગિરિધરલાલજી મહારાજની તીવ્ર ઇચ્છા આ ગાદી ઉપર ગોદ આવવાની હતી.

શ્રીકનૈયા પ્રભુ ત્રણેક વર્ષના હતા, ત્યારનો એક અલૌકિક પ્રસંગ એવો છે કે, એક દિવસે સરખી ઉંમરનાં બાલકો સાથે રમત કરતાં બહુ તોફાન કરવા લાગ્યા, એટલે બીક દ્વારા શિક્ષા કરવાના મિષથી શ્રીચંદ્રાવલી માજીએ સોટી હાથમાં લીધી. તે સમયે આપશ્રી ઓરડામાં હતા. માતાજીના હાથમાં સોટી જોઈને આપશ્રી ચારે તરફ દોડવા લાગ્યા! દોડતાં દોડતાં જ્યાં જ્યાં ચરણારવિંદ પડતાં ગયાં, ત્યાં ત્યાં આપશ્રીનાં ચરણારવિંદમાંથી કંકુ ઝરીને તેનાં પગલાં પડતાં ગયાં અને પ્રત્યેક પગલામાં ષોડશ ચિહ્નો ઊઠી ગયેલાં, તેનાં માતાજી સહિત સર્વ કોઈને અલૌકિક દર્શન થયાં! બધાં વિસ્મય પામીને ઘડીક ચરણચિહ્ન સામું તો ઘડીક આપશ્રીના મુખારવિંદ સામું જોઈને મુગ્ધ થઈ ગયાં! આપશ્રીની દિવ્ય પ્રભુતાનો પ્રભાવ સર્વના મુખમંડલ ઉપર છવાઈ ગયો!

બાલલીલાનો એક બીજો પ્રસંગ એવો છે કે, એક વાર કલેવામાં આપશ્રીએ પૂરી માગી. માતાજીએ કહ્યું: 'લાલન! પૂરી તૈયાર નથી.' તોપણ આપશ્રીએ હઠ કરીને પૂરીની માગણી ચાલુ રાખી. એટલે માતાજીએ જરા કૃત્રિમ રોષ બતાવીને કહ્યું કે, 'બાવા! હવે તમે નાના નથી.

પૂરી ખાવી હોય તો હાથેથી બનાવી લો.'—આમ કહીને માતાજી તો સેવાકાર્યમાં પ્રવૃત્ત થઈ ગયાં. પરંતુ માજી મહારાજની આજ્ઞાનું પાલન કરવા માટે શ્રી કનૈયા પ્રભુએ તત્કાલ ખાખરાના પાનના દૂનામાં ઘી ભરીને તેને સગડી ઉપર મૂકી દીધો અને ચૂન બાંધી પૂરી વણીને તેને પેલા સગડી ઉપર મૂકેલા દૂનામાં તળવા લાગ્યા! પૂરી તળાતી હતી, તેવામાં માજી મહારાજ ત્યાં પધાર્યાં અને લોખંડની કડાઈની જેમ ખાખરાના પાનના મોટા દૂનામાં એક–એક પૂરી તળાતી જોઈને અવાક્ બની ગયાં!

બાલલીલાના આવા તો અનેક પ્રસંગો છે; પરંતુ અહીં સ્થળસંકોચને કારણે માત્ર બે જ આપ્યા છે.

સં. ૧૯૩૦ ના ચૈત્ર વદિ ૨ ના દિને શ્રીગોકુલમાં આપશ્રીનો યજ્ઞોપવીતપ્રસ્તાવ અત્યંત ધામધૂમથી થતો હતો. પ્રસ્તાવના ઉપલક્ષ્યમાં શ્રી ચંદ્રાવલીજી માજી મહારાજે ચૈત્ર વદિ ૮ ના દિવસે 'છપ્પનભોગ' મહોત્સવ મનાવ્યો હતો. જનોઈ પછી આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીના મિત્ર પંડિત રામચંદ્રજી પાસે સંસ્કૃત વ્યાકરણ, સાહિત્ય અને કાવ્યશાસ્ત્રનો વિદ્યાભ્યાસ કર્યો હતો.

ચંદોસીના શ્રી રામચંદ્ર વિઠ્ઠલનાથ ભટ્ટની પુત્રી શ્રી રાધાજી સાથે સં. ૧૯૩૧ ના જેઠ વદિ ૧૦ ના દિને આપશ્રીનો લગ્નપ્રસ્તાવ થયો હતો. શ્રીરાધા વહુજીનું

પ્રાકટ્ય, સં. ૧૯૨૩ ના ભાદરવા સુદિ ૮ (રાધાષ્ટમી)ના દિવસે થયું હતું. આમ શ્રીરાધા-કનૈયા પ્રભુની જુગલ-જોડી શ્રીરાધા-કૃષ્ણનું જ સ્મરણ કરાવે છે.

તે જ વર્ષમાં ભાદરવા સુદિ ૧૨ ના નિયમ લઈને માજી મહારાજ સાથે આ વંદનીય દંપતીએ વ્રજચોરાશી કોસની પરિક્રમા કરી હતી, જે આસો સુદિ ૧૫ ના નિયમ-સમાપ્તિ બાદ પૂર્ણ કરી, યાત્રાના વૈષ્ણવોને અલૌકિક સુખનું દાન કર્યું હતું.

સં. ૧૯૩૪ ના કારતક સુદિ ૧૦ ના દિને મથુરા પધાર્યા હતા અને કારતક સુદિ ૧૧ (પ્રબોધિની)ના દિવસે પોતાના ૧૭ મિત્રો અને માણસો સાથે મથુરા-વૃંદાવનની પરિક્રમાનો આનંદ લીધો હતો.

સં. ૧૯૩૪ માં નવ વર્ષની ઉંમરથી આપશ્રી સ્વતંત્ર પ્રદેશ કરવા લાગ્યા હતા.

સં. ૧૯૪૦ માં આપશ્રીનાં શ્રીરાધા વહુજી ૧૭ વર્ષની ભરજુવાનીમાં લીલામાં પધાર્યાં. ત્યાર પછી આપશ્રીનું દ્વિતીય લગ્ન સં. ૧૯૪૦ ના જેઠ વદિ ૯ ના દિને મંદોસરના ભટ્ટજીની કન્યા શ્રીશોભા લક્ષ્મીજી સાથે થયું હતું. આ વહુજીને લગ્ન પછી આઠ વર્ષ સુધી કાંઈ સંતાન ન થતાં શ્રીચંદ્રાવલી માજીએ આપશ્રીનું ત્રીજું લગ્ન સં. ૧૯૪૮ ના અષાડ સુદિ ૭ ના દિને શ્રીમન્નાલાલ ભટ્ટની પુત્રી શ્રી-

દેવકીજી (શ્રી કમલાજી) સાથે ગોકુલમાં શ્રીદ્વારકાધીશના મંદિરમાં કર્યું.

સં. ૧૯૪૪ માં કાશી, પ્રયાગ, અડેલ અને ચરણાટ તીર્થની યાત્રા કરી હતી. આ ઉપરાંત મધ્યપ્રદેશ, દક્ષિણ તેમજ ભારતમાં આવેલાં પ્રાયઃ સર્વ તીર્થોની આપશ્રીએ એકથી અનેક વાર યાત્રા કરી હતી.

સાહિત્ય, સંગીત અને કલાના આપશ્રી મર્મજ્ઞ હતા. વ્રજની જુદી જુદી મંડલીઓ પાસે રાસલીલા કરાવતા અને તેમને મોં માગ્યાં ઇનામો આપી, સંગીતકલાને ઉત્તેજન આપતા.

વ્રજભાષા અને ગુજરાતીમાં આપશ્રીની પદ્યરચનાઓ હજારોની સંખ્યામાં પ્રાપ્ત થાય છે. તેમાં કવિછાપ 'શ્રી-વિઠ્ઠલ પ્રભુ' ધરી છે.

આપશ્રી પાસે અનેક કવિઓ, ગુણીજનો, સંગીત-કારો, નાટ્યકારો, વિવિધ કલાના મર્મજ્ઞો અને ખવાસો રહેતા. તેમને આપશ્રી આર્થિક સહાય કરતા. આપશ્રીની નાટ્યરચનાઓમાં ૧. ચંદ્રાવલી, ૨. લીલાવતી, ૩. મનિ-હાર લીલા, ૪. જોગીલીલા અને ૫. ભૂલભૂલૈયા આદિ પ્રાપ્ત થાય છે. આ બધાં નાટકો, પોતાની પાસે રહેતા કલાકારો દ્વારા અનેક વાર ભજવી બતાવ્યાં છે. સ્વરચિત સાહિત્યના લેખન માટે શ્યામલાલ, ભીખાલાલ, રામલાલ,

બટુરા, ગુરી, ચિરંજીવી અને મિશ્રીજી–નામક લહિયાઓ રાખ્યા હતા.

સં. ૧૯૫૦ માં ‘વાંકાનેર સત્યબોધક નાટક કંપની’એ શ્રીકનૈયા પ્રભુની પ્રેરણાથી ‘રાધા–કૃષ્ણ’ નામક નાટક ભજવી બતાવ્યું હતું.

સં. ૧૯૫૩ માં આપશ્રીએ ‘કવિમંડલ’ની સ્થાપના કરી હતી. તેના મંત્રી બાબુ રામકૃષ્ણ વર્મા હતા. તેઓ ભારતેન્દુ બાબુ હરિશ્ચન્દ્રજીના નિકટવર્તી હતા.

આ વર્ષમાં આપશ્રીનો એક કાવ્યગ્રંથ કાશીના ભારતજીવન પ્રેસમાં છપાયો છે. તેનું નામ છે ‘નઈ નઈ રંગ બહાર.’ તેના પ્રથમ પૃષ્ઠ ઉપર નામ પછીનું લખાણ છે કે, ‘જિસે ગોકુલનરેશ ગોસ્વામી શ્રી ૧૦૮ મહારાજ કનૈયાલાલજીને રસિક જનોં કે લિયે નિર્માણ કિયા.’

આપશ્રીને શ્રી....ના અવનવા મનોરથો કરવાનો અત્યંત અનુરાગ હતો. સં. ૧૯૬૮ ના ફાગણ સુદિ ૧૩ ના દિને ‘દ્વાદશકુંજ’નો મનોરથ શ્રીગોકુલનાથજીના નિજ મંદિરના ચોકમાં મનાવ્યો હતો, તેમાં ચોરાસી સ્તંભની રચના રચી, કેસરના કુવારા અને અત્તરની પિચકારીઓ તેમજ વિવિધ કુમકુમા ઉછાળીને સ્વપ્રભુને પરમ સંતોષ આપ્યો. છેલ્લાં ત્રણ-વર્ષ થયાં આપશ્રીનું શ્રીઅંગ નરમ રહેતું. તેમાં આ છેલ્લા મનોરથ વખતે સ્વયં કુંજ બાંધતા બાંધતા થાકી જઈને ત્યાં જ પોઢી ગયા, એટલે ‘શરદી લાગી જશે’ એવા ભયથી વૈષ્ણવો અને સેવકોએ આપશ્રીને જગાડી ભીતર પધારી, આરામ કરવાની વિનંતી કરી. એટલે આપશ્રીએ તેમના સામું જોઈ મંદ હાસ્ય કરીને આજ્ઞા કરી :

‘યહાઁ સોયવે કો કારન તુમ કહા જાનો ?’

પોતાને ખબર પડી ગઈ હતી કે હવે આ દેહનો ભરોસો નથી. ઘણી વાર ભવિષ્ય ભાખતા કે ‘યહ લીલા ફાગુન તાંઈ હૈ, પીછે સમેટી લેયઁગે.’ દ્વાદશકુંજના મનોરથ પછી એક દિવસે આપશ્રીએ અંતરંગ મંડલને કહ્યું : ‘હમને છે પાંત કાલ ફિરાયો, ક્યોં ? મનોરથ બાકી હતો યાસૂં.’

સં. ૧૯૬૮ ના ફાગણ વદિ ૧૪ રવિવારના દિવસે કામવનવાળા શ્રીવલ્લભલાલજી મહારાજ આપશ્રીને મળવા પધાર્યા. એઓશ્રી ભવિષ્યમાં આ ઘરના તિલકાયત થવાના હતા, તેથી આપશ્રીએ કહ્યું : ‘આપ તો યહાઁ બિરાજો.’ એટલે કે આ ચોથી ગાદી ઉપર હવે આપ બિરાજો. પ્રત્યુત્તરમાં શ્રીવલ્લભલાલજીએ કહ્યું : ‘મૈં યહાઁ આપકે પાસ હી હૂઁ.’ આમ કહીને આપશ્રી મથુરા પધાર્યા. પછી પોતાની સેવા કરી રહેલ જસરાજભાઈને આપશ્રીએ આજ્ઞા કરી : ‘અબ હમ શ્રીગિરિરાજ પધારેંગે.’ સમાચાર મળતાં જ શ્રીવલ્લભલાલજી મહારાજ મથુરાથી ગોકુળ પધાર્યા અને થોડી વારમાં જ ૪૨ વર્ષ, ૭ માસ અને ૬ દિવસનું આયુષ્ય ભોગવીને શ્રી કનૈયા

પ્રભુ સં. ૧૯૬૮ ના ફાગણ વદિ ૧૪ ને રવિવારે નિત્યલીલામાં પધાર્યા.

ગો. શ્રીદેવકીનંદનાચાર્યજી, ગો. શ્રીવલ્લભલાલજી, શ્રીગોપાલલાલજી વગેરે આચાર્યવર્ય, સજાતીય વર્ગ અને વૈષ્ણવોની વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં અંત્યેષ્ટિ ક્રિયા થતી હતી તે વખતે શ્રીયમુનાજીની મધ્યધારામાં ઠાડા રહીને શ્રી કનૈયા પ્રભુ બંસી બજાવી રહ્યા છે, તેવાં બધાંને દર્શન થયાં અને વેણુનાદનું પણ શ્રવણ થયું. શ્રીગોપાલલાલજીએ કહ્યું : 'પ્રભુ! અબ ઐસો સમય હૈ?' ત્યારે બંસીનાદ બંધ થયો. શ્રીકનૈયા પ્રભુનું આવું દિવ્યાતિદિવ્ય ચરિત્ર છે, તે જીવથી કેવી રીતે લખ્યું જાય?

આપશ્રીનાં કૃપાપાત્ર અમૃતબહેન ગોકુલવાળાંની પોથી ઉપરથી લખેલ આપશ્રીનાં '૫૫ વચનામૃત' પ્રસિદ્ધ થાય છે.

વચનામૃત-૧

એક સમય આપશ્રી પ્રસન્નતા મેં બિરાજત હતે. તબ એક વૈષ્ણવને બિનતી કીની—જે, રાજ! શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાચાર્યજી ઔર શ્રીગુસાંઈજી કે સમય મેં શ્રીઠાકુરજી સાક્ષાત્ બોલતે, લીલાસહિત દર્શન-અનુભવ દેતે, ઔર યા સમય મેં કછૂ દીસત નાઁહીં સો કૃપા કરિકે સમઝાઇયે.

તબ આપશ્રીને આજ્ઞા કીની જો—વે સમય વૈસો

હી હતો, ઔર અબ વે સમય નહીં હૈ. જૈસે પ્રગટ અગ્નિ ઔર આચ્છાદન અગ્નિ તૈસે. અબ યા કલિકાલ મેં સબ ગુપ્ત હૈં.

વચનામૃત-૨

એક સમય આપશ્રીને આજ્ઞા કીની જો—પુષ્ટ પુષ્ટિ રસવાર્તાપ્રસંગ વિજાતીય સૂં ગોપ્ય રાખનો. ક્યોં જો શ્રીગોકુલેશજી આજ્ઞા કરત હૈં—યહ હમારે પ્રમાણ સૂં ન્યારે પ્રમેયમાર્ગ (ભક્તિમાર્ગ) મેં શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી કો અનુભવ હી મુખ્ય હૈ. વે રસ અનન્ય ભક્તિ વિના ઓર કોઊ જાનત નાઁહીં.

વચનામૃત-૩

એક બેરા આપશ્રીને આજ્ઞા કીની જો—અન્ય સંબંધ કરેગો, સો નરક મેં ગિરેગો. સાક્ષાત્ સ્વરૂપસંબંધ વિના સબે અન્ય સંબંધ હૈં. વે અન્ય સંબંધ પતિવ્રત ધર્મ સૂં ભ્રષ્ટ હોત હૈં.

વચનામૃત-૪

એક સમય આપશ્રી દક્ષિણ મેં વિષ્ણુકાંચી પધારે હતે. તબ વહાઁકે ઠાકુરજી શ્રીવરદરાજ મહારાજ કૂં આપશ્રીને રાજભોગ સમર્પ્યો. ભોગ સરે પીછે વહાઁ સૂં પ્રસાદ આયો. સો સબનને લિયો. તબ એક સ્વરૂપનિષ્ઠ ભક્તને

બિનતી કીની જો—રાજ ! વે પ્રસાદ લેયવે મેં મોકૂં ગ્લાનિ આવત હૈ. તબ આપશ્રીને આજ્ઞા કીની જો-યહાઁ શ્રીવલ્લભાચાર્યજીકી આજ્ઞા હૈ. યાતેં આજ્ઞા જાનિકે પ્રસાદ લેયવે મેં હરકત નહીં. ઔર ઐસે ભક્ત કૂં ચલાય કે યહાઁ આવનો નાંહીં.

અસી આજ્ઞા કરિ કે વા ભક્ત કૂં આપશ્રીને અપને શ્રીહસ્ત સૂં અધરામૃત કી પાતલ ધર દીની.

વચનામૃત-૫

વિષ્ણુકાંચી મેં શ્રીમહાપ્રભુજી કી બૈઠક હૈં. વહાઁ આપને મુકામ કિયો હતો. વહાઁ આષાઢ (વ્રજ) કૃષ્ણા ૨ કે દિન શ્રીગોકુલનાથજીકો વિવાહ-ઉત્સવ કિયો. તબ સંગ મેં એક વૈષ્ણવ હતો. વાને શ્રીગોકુલનાથજી કો વિવાહ-ઉત્સવ જાનિ કે શ્રીગોકુલનાથજી કૂં સેહરા ધરતે પહેલે કુંકુમકી મંગલ આડ (પિયળ) કરિકે દર્શન કૂં આયો.

તબ વાકૂં દેખિ કે આપશ્રીને આજ્ઞા કીની જો—શ્રીઠાકુરજી કૂં સેહરા ધરે પહેલે પિયળ-આડ નાંહીં કરની; સેહરા ધરે પીછે કરની.

વચનામૃત-૬

આપશ્રી વિષ્ણુકાંચીમેં બિરાજતે હતે, વા સમય પ્રસંગોપાત્ત બાત ચલી, તબ આપને આજ્ઞા કીની જો—યહાઁકે મંદિરમેં સીડી પેં જયદેવ સ્વામી કી અષ્ટપદી (ગીત-ગોવિંદ) હોયવે સૂં શ્રીવલ્લભાચાર્યજી ભગવન્નામ પેં ચરણ નહીં ધરવે સૂં સાક્ષાત્ વરદરાજ પધારિ કે આપકૂં અપને મંદિર મેં પધરાય ગયે ઔર આપ કૂં સંગ બૈઠાય કે ભોજન કિયો.

ઔર આપને આજ્ઞા કીની-યા મંદિર મેં એક છાપકી (ગરોળી) હૈ, વાકો કોઊ સ્પર્શ કરે, વાકૂં છાપકી છિયેકો દોષ નહીં લગત, ઐસી ભગવદ્-આજ્ઞા હૈ.

વચનામૃત-૭

એક બેર શ્રીમુખ સૂં આજ્ઞા કીની જો-જા વૈષ્ણવ કે માથે ગુરુદેવ ને શ્રીઠાકુરજી કી સેવા પધરાય દીની હૈ, વે સ્વરૂપ કી સેવા મેં અપને ગુરુદેવ આવિર્ભાવ જાનિ કે સેવા કરની. યહ માર્ગોક્ત આજ્ઞા કીની.

વચનામૃત-૮

એક સમય મદ્રાસ પ્રદેશ મેં આપ શ્રી ગંગાદશમી પેં વહાઁકે સેઠ કી ધર્મશાલા મેં બિરાજત હતે. તબ વહાઁ દો વૈષ્ણવ ગુજરાત સૂં આય પહોંચે. વે ચાર દિન કે ભૂખે હતે. તબ આપશ્રીને આજ્ઞા કીની જો-પ્રસાદ લેયવે બૈઠ જાઓ. ઇનમેં સ્વરૂપનિષ્ઠ વૈષ્ણવ હતે, સો બિનતી

કીની જો-રાજ ! આપ ભોજન કરો, પીછે હમ પ્રસાદ લેયઁગે.

તબ આપને વૈષ્ણવન કો સુખ બિચાર કે આજ્ઞા કીની જો-વૈષ્ણવન કૂં આજ્ઞા પ્રમાણ ચલનો ચહિયે. તબ વૈષ્ણવ બિચાર મેં પડિ ગયે. તબ આપને વિશેષ આજ્ઞા કીની જો-પ્રભુ ને શ્રીગિરિરાજ ઉઠાયો હૈ, તુમસૂં કંકર ભી ઉઠેગો નહીં. તાસૂં આજ્ઞા કો પાલન કરનો, સો સેવકધર્મ હૈ. ઔર પ્રભુ કો સુખ બિચારનો, સો દાસધર્મ હૈ. ઐસે કિતનેક પ્રસંગ સૂં સમઝાય કે વાકૂં ભૂખે જાનિ કે પ્રસાદ લેયવે બૈઠાયે.

વચનામૃત-૯

આપશ્રીને એક બેર આજ્ઞા કીની જો-વૈષ્ણવ કૂં શ્રીઠાકુરજી કે દર્શન-ચરણસ્પર્શ બિના પ્રસાદ લેનો ઉચિત નહીં ઔર તિલક બિના સન્મુખ દર્શન કૂં આવનો નહીં; શ્રીપ્રભુ સન્મુખ જામ્ભા (ઉબાસી) લેની નાંહીં, ઔર સન્મુખ રહે કે આરસી મેં મુખ દેખ તિલક ન કરનો, સન્મુખ બૈઠ ભોજન ન કરનો; ઔર ગિલે કપડાંન સૂં શ્રી....સન્મુખ ન જાનો. ઐસી શિક્ષા દેયકે વૈષ્ણવન કૂં સમઝાયે.

વચનામૃત-૧૦

પ્રસંગોપાત્ત કોઈ કોઈ સમય પેં આપશ્રી આજ્ઞા

કરતે જો- વૈષ્ણવન કૂં કાહૂ ભગવદીય કી દેખાદેખી ન કરની. વૈષ્ણવતા બડી કઠિનતા સૂં હોય હૈ. ઔર સખડીઘર સદા સ્વચ્છ રાખનો. વાકી ટહેલ ભાવવિજાતીય સૂં ન કરાવની. ઔર વૈષ્ણવન કૂં બોહોત બિચાર કે ચલનો, આગે પીછે કો પરિણામ દેખિ કે ચલનો, ઐસી આજ્ઞા કરત હતે.

વચનામૃત-૧૧

એક સમય એક વૈષ્ણવને બિનતી કીની જો-રાજ ! આપકે અનન્ય નિકટવર્તી અંતરંગી ભક્ત કે વિષે દોષ દિખવે મેં આવત હૈં, સો કૈસે સંભવે ?

તબ આપશ્રીને આજ્ઞા કીની જો-વે દોષ નહીં હૈ. પ્રભુ કી ઇચ્છા કો કારણ હૈ. ઐસે વૈષ્ણવન મેં સન્મુખતા કે ગુણ કે આગે અનેક દોષ કી કહા ચલે ? શ્રીમદ્‌ભગવદ્‌ગીતા મેં કહ્યો હૈ જો-अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् साधुरेव स मंतव्यः। ઇતિ. યાતેં વૈષ્ણવ કૂં કાહુ કો દોષ ન દેખનો. અપનો દોષ દિખવે મેં આવે, સો કૃપા સમઝની.

વચનામૃત-૧૨

એક સમય દો--તીન વૈષ્ણવ ઠાડે હતે. તબ આજ્ઞા કીની જો-આધુનિક વર્તમાન સમય મેં દેખાદેખી વિષય-બાત બહોત ચલ રહી હૈ. સો ઐસે તુમ મતિ ચલિયો.

ઔર સમસ્ત વૈષ્ણવન કૂં યેહી આજ્ઞા હૈ. ઔર જો કોઈ વિષયમાર્ગ પેં ચલત હૈ, વાકે હાથ કો ખાનપાન તુમ મતિ કરિયો. ઐસી આજ્ઞા કરિ કે શ્રીહસ્ત સૂં વાકૂં પત્ર લિખ દિયો.

વચનામૃત-૧૩

એક બેર આપને આજ્ઞા કીની જો-વૈષ્ણવ કૂં ન્યાય કે પેંડે ચલનો. ઔર જહૉં તહૉં બિના બિચાર કે મન લગાવનો નહીં. એક પ્રભુ બિના ઔર સૂં મન લગાયવે સૂં અનર્થ હોય હૈ. પતિવ્રતધર્મ સૂં નષ્ટ હોય હૈ. ઔર અનન્ય ધર્મ કો પોષણ કરનો.

વચનામૃત-૧૪

એક સમય આપશ્રીને આજ્ઞા કીની જો-વર્તમાન સમય મેં જૂઠ બિના બાત નહીં હૈ. યાતેં વૈષ્ણવ હોય કે જૂઠ નૉહીં બોલનો. ઔર સ્વાર્થ ઉદરપોષણાર્થ જૂઠ બોલવે બિના નહીં ચલે તો આટે મેં લોન જિતનો બોલનો. યામેં હૂ બિચારનો જો કોઈ કો બુરો ન હોય. ક્યોં જો ઉદર ભરનો સાહસ તેં હોત હૈ. જિતનો સુખ સત્ય બોલવે મેં હૈ, ઐસો જૂઠ બોલવે મેં નૉહીં હૈ. યાતેં જૂઠ બોલનો અનુચિત હૈ. પ્રતીતિ ઘટે, સબ પ્રકાર કે અનર્થ હોયઁ.

વચનામૃત-૧૫

એક સમય ગુજરાત કે પ્રદેશ મેં વાડાસિનોર ગામ મેં છે-સાત વૈષ્ણવ પ્રસાદ લેયવે બૈઠે હતે. તબ આપ કો અધરામૃત લેય કે મુખિયાજી પરોસવે લગે. તબ સબને લિયો; એકને ન લિયો. તબ મુખિયાજી ઔર પાસ કે વૈષ્ણવ ઠાડે હતો ઇનકૂં બુરી લગી, જો અધરામૃત કો અનાદર કિયો. પાછેં સબ વૈષ્ણવ મિલિ કે આપ કૂં બિનતી કીની જો-રાજ ! ફલાને વૈષ્ણવને આપ કે અધરામૃત કો અનાદર કિયો.

તબ આપશ્રી ને આજ્ઞા કીની જો-હરકોઈ કે હાથ કી જૂઠન લેયવે કી રીત નહીં હૈ. જબ હમ ઇનકૂં ધરત હૈં, તબ લેત હૈ. તબ મુખિયાજી ઔર સાથ કે વૈષ્ણવ ચુપ હોય રહે.

વચનામૃત-૧૬

એક સમય આપ ગુજરાત બિરાજત હતે. તબ વા ગામ મેં કોઈ મર ગયો. તબ વાકે પીછે શ્મશાન મેં બોહોત મનુષ્ય સંગ ગયે. પાછેં વહૉં સૂં આયકે એક વૈષ્ણવને આપ કૂં બિનતી કીની જો-રાજ ! મુડદા પીછે શ્મશાન જાયવે સૂં સૂતક લગત હોયગો ?

તબ આજ્ઞા કીની જો-મુડદા કૂં છુવે વાકૂં તારા-

સૂતક લગે. ઔર સંગ સેંકડન મનુષ્ય જાય, વાકૂં સ્નાન માત્ર તેં શુદ્ધિ હૈ. યહ આજ્ઞા કરિકે વાકૂં પ્રસાદ લેયવે કી આજ્ઞા દીની.

વચનામૃત-૧૭

શ્રીગોકુલ મેં એક વૈષ્ણવ રહત હતો. વાકી ભોજાઈ દેશ મેં મર ગઈ, યાતેં વાકૂં સૂતક લાગ્યો. પાછેં વાને સૂતક પૂરો ભયે મૂઁછ મુંડન કરાય કે શ્રી....કે સન્મુખ દર્શન કૂં ઠાડો ભયો. તબ આપ વાકૂં દેખિ કે આજ્ઞા કીની જો—કૌન કી મૂઁછ મુંડાઈ હૈ? તબ વાને સબ વૃત્તાંત કહ્યો.

તબ આપ વાકે ઊપર ગુસ્સે હોય આજ્ઞા કીની જો—કૌન કૂં પૂછિકે મૂઁછ મુંડાઈ હૈ? તેરો મુખ મતિ દિખાવ.

તબ વા વૈષ્ણવને બિનતી કીની—જે, રાજ! મૂઁછ ન મુંડાઊં તો મોકૂં મંદિર મેં આયવે ન દેય, યા ડર સૂં મુંડાઈ હૈ.

તબ આજ્ઞા કીની જો— વડીલ માત-પિતા કૂં મૂઁછ દેની ચહિયે; બહૂ-છોટાન કૂં દેયવે કી રીત નાઁહીં હૈ.

પાછેં વા વૈષ્ણવ, મૂઁછ કે ઠિકાને કાજર લગાય કે સન્મુખ આય ઠાડો રહ્યો, તબ આપ બોહોત મુસકાયે.

વચનામૃત-૧૮

એક દિન આજ્ઞા કીની જો—હલકી વરણ કી નોકરી ન કરની. સત્તા-દોષ લગે બિના રહત નાઁહીં. ઔર ફિર આજ્ઞા કીની જો—જિન કી બાત મેં ફરક, વાકે બાપ મેં ફરક. ફિર આજ્ઞા કીની જો—અબ પ્રમાણ મત તોડો.

વચનામૃત-૧૯

એક સમય શ્રીગોકુલ મેં આપ અપની બૈઠક મેં બિરાજત હતે, તબ એક ને પૂછી—જે, રાજ! શ્રીબહૂજી-બેટીજી બ્રહ્મસંબંધ દેત હૈં, ઔર આપ દેત હો, યામેં કછૂ તારતમ્ય હૈ કિ નાઁહીં, સો કૃપા કરિકે સમઝાઇયે.

તબ આપને આજ્ઞા કીની જો—હમારે ઘર મેં ગદ્દીનશીન કે ભાવ તેં બહૂજી બ્રહ્મસંબંધ કરાવત હૈં. યાંમેં કછૂ તારતમ્ય નહીં. ઔર દૂસરે ઘરન મેં મોતીવાલે બાલક કો લિયો જાય તો આછો. બહૂજી, બાલક કી પરોક્ષ મેં દે સકે હૈં. વામેં આત્મા હૈ, સો પુંભાવ હૈ, યામેં બ્રહ્મસંબંધ કરાવે તો હરકત નહીં. હમારે ઘર મેં, ઔર ઘર કે વૈષ્ણવ કૂં ફિર બ્રહ્મસંબંધ કરાયવે કી રીત હૈ, બ્રહ્મસંબંધ એક પ્રકાર કે નહીં હૈ. જિન કો જૈસો વરણ, તૈસો વાકૂં ફલીભૂત હોત હૈ.

વચનામૃત-૨૦

સંવત ૧૯૬૮ કે મહા સુદિ ૧૩ કૂં શ્રીમદ્ ગોકુલ મેં શ્રીજસોદા ઘાટ પેં આપને શ્રીનાથજી પધરાય કે વસંત કો ભારી મનોરથ કિયો. પ્રથમ ઘાટ પેં શ્રીયમુનાજી કે

તટ પેં સીડી કરન કૂં મજૂર ફાવડા ચલાય રહે હતે, સો દેખિ કે આજ્ઞા કીની જો- અરે, યે કહા કરે હૈં? યહાઁ શ્રીમહારાણીજી કે તટ વિષે ફાવડા-કોદારા ક્યોં ચલાવે હૈં? યે તટ સબ સ્વરૂપાત્મક હૈં. ઐસી આજ્ઞા કરિ કે બંદ કરવાયે.

વચનામૃત-૨૧

એક સમય શ્રીગોકુલ મેં ખવાસ જલ આરોગાવન ગયે, તબ આપને આજ્ઞા કીની જો-જલ કહાઁ કો હૈ? તબ ખવાસને બિનતી કીની જે, રાજ! કૂઆ કો જલ હૈ. તબ આપને આજ્ઞા કીની જો-યહાઁ શ્રીગોકુલ મેં રહે કે કૂઆ કો જલ લેનો ઉચિત નહીં હૈ. શ્રીયમુનાજલ કહાઁ મિલેગો?

વચનામૃત-૨૨

એક સમય આપને આજ્ઞા કીની જો-બ્રજ મેં ખડાઉ જૂતી પહેનકે ફિરનો નહીં. યહાઁ તો સબ સ્વરૂપાત્મક હૈં.

વચનામૃત-૨૩

એક સમય આજ્ઞા કીની જો-અબ શ્રીનાથજી કી ઇચ્છા રાજલીલા કરવે કી હૈ, સો થોડે સે દિન મેં હોયગી.

વચનામૃત-૨૪

એક સમય આજ્ઞા કીની જો-વૈષ્ણવ કૂં બિના બિચારે બોહોત બોલનો નાઁહીં. ઔર જો કછૂ બાત સુની હોય સો એક પ્રહર તક પેટ મેં રાખિ કે બિચાર કે જુવાબ દેનો. બિના બિચાર કે તુરત જુવાબ દેવે મેં રસાભાસ હોત હૈ.

વચનામૃત-૨૫

એક સમય આપને આજ્ઞા કીની જો-વૈષ્ણવ ને પ્રગટ સ્વરૂપ કી સેવા-ટહેલ કીની હોય, વા સેવા કે અનુસાર સેવા કરવે સૂં સાક્ષાત્ અનુભવ હૈ.

વચનામૃત-૨૬

એક સમય આપને આજ્ઞા કીની જો-હમારો હૈ, વાકૂં દંડ કહા? પ્રગટ સ્વરૂપ સૂં વિમુખ રહેનો, સો હી દંડ હૈ.

વચનામૃત-૨૭

શ્રીમહાઉત્સવ પેં આપને આજ્ઞા કીની જો-અબ નયે સંવત્સર પેં નયી જાજમ બિછેગી.

યા વચનામૃત મેં આપને અપનો ગર્ભિત આશય જતાયો જો અબ લીલા સંકેલ લેની હૈ.

વચનામૃત-૨૮

એક બેર આજ્ઞા કીની જો-શ્રી....કી સેવા, સાક્ષાત્ પ્રગટ રસાત્મક સ્વરૂપ જાનિ કે કાંતભાવ સૂં સ્નેહસંયુક્ત કરની. સેવા કાહૂ કે ભરોસે નાઁહીં છોડની. ઔર ભાવવિજાતીયકે પાસ સેવા ન કરવાવની, યહ આજ્ઞા કીની.

વચનામૃત-૨૯

એક સમય આજ્ઞા કીની જો-હમારે પાસ અલૌકિક ધન હૈ, વાકો કોઈ ગ્રાહક નહીં હૈ, ઔર લૌકિક ધન કી ઇચ્છા વારે બોહોત હૈ. વાકૂં લૌકિક ધન દેય કે વાકો સમાધાન કિયો જાત હૈ.

વચનામૃત-૩૦

એક સમય આપને આજ્ઞા કીની જો-વૈષ્ણવ કૂં ઉદરનિમિત્ત વ્યાપાર નાઁહીં કરનો. ઔર કરે, તબ ચાર ભાગ નિહારે : (૧) એક પ્રભુ કો, (૨) દૂસરો ગુરુદેવ કો, (૩) તીસરો વૈષ્ણવ કો ઔર (૪) ચોથો ઉદરભરણાર્થ ગૃહસ્થાશ્રમ મેં વાપરનો. ઐસો વિભાગ કરવેવારે કૂં વેપાર-રોજગાર બાધા નાઁહીં કરત હૈ.

વચનામૃત-૩૧

એક સમય આપકૂં એક રાજાને બિનતી કીની—જે, રાજ ! સબ કોઊ મૂર્તિ-સ્વરૂપ કૂં ભોગ ધરત હૈં, સો મૂલ સ્વરૂપ કૈસે પોહોંચત હોયગો, સો કૃપા કરિ કે સમઝાઇયે.

તબ આપને આજ્ઞા કીની જો—જૈસે લૌકિક રાજા કો જન્મદિવસ તહેવાર હોય, વાકી ખુશી કે લિયે દીવાબત્તી કી રોશનાઈ, આતસબાજી, તોરણ આદિ સબ ઠિકાને હોત હૈં, સો સબ કો ઉજિયારો, ખુશાલી કો

આનંદ આદિ વો રાજા કે વહાઁ પોહોંચત હોયગો ? રાજા કી તો લૌકિક બાત હૈ, ઔર યહાઁ તો અલૌકિક પ્રકાર હૈ, યાતેં ભાવસંબંધ સૂં સબ અંગીકાર હોત હૈં.

જૈસો પ્રશ્ન, તૈસો ઉત્તર દેય કે રાજા કૂં સમઝાયો.

વચનામૃત-૩૨

એક સમય ગંગાદશમી કે દિના આપ સંગસમાજ સહિત શ્રીયમુનાજી સ્નાન કરવે કૂં પધારે. તબ સબ જલ મેં ખેલ રહે હતે, યામેં સૂં એક વૈષ્ણવ તટ પેં ઠાડો દર્શન કરત હૈ.

તબ આપશ્રીને આજ્ઞા કીની જો-કૈસે ઠાડો હૈ ? સ્નાન ક્યોં નહીં કરત હૈ ? તબ વૈષ્ણવને બિનતી કીની—જે, રાજ ! શ્રીમહારાણીજી મેં સ્નાન કૈસે કિયો જાય ?

તબ આપને આજ્ઞા કીની જો—શ્રીગોકુલ મેં આય કે એક બેર શ્રીયમુનાજલ મેં સ્નાન કિયો ચહિયે. ઐસો માહાત્મ્ય હૈ. શ્રીયમુનાજી અધમ-ઉદ્ધારની હૈ. યે આજ્ઞા કરિ કે વા વૈષ્ણવ કૂં સ્નાન કરવે કી આજ્ઞા કીની. પાછેં આપ અપની બૈઠક મેં પધારે, ઔર સબકે તીન તીન સ્વરૂપ નિરૂપણ કિયે. પાછેં કહ્યો જો-જાકૂં આધિદૈવિક સ્વરૂપ કો દર્શન હોયગો, વાકૂં સબ સ્વરૂપાત્મક રસાત્મક દીખવે મેં આવેગો ઔર વો માહાત્મ્ય મેં પડેગો નાઁહીં, શ્રીગોકુલ મેં રહે કે લૌકિક ક્રિયા કબહૂ કરેગો નાઁહીં.

વચનામૃત-૩૩

ઔર એક સમય આપશ્રીને આજ્ઞા કીની જો અપને ઘર મેં જયંતી મેં उत्सवन्ते च पारणम् કરને કી રીતિ હૈ.

વચનામૃત-૩૪

એક સમય પ્રસંગોપાત્ત આપશ્રીને આજ્ઞા કીની જો-જહૉં, શ્રીઠાકુરજી, શ્રીવલ્લભકુલ એવં ભગવદ્ભક્ત-ભગવન્મંડલી બિરાજત હોય, વહૉં બ્રજ કો ભાવ લાવનો.

વચનામૃત-૩૫

સંવત ૧૯૬૬ કે આસો વદિ ૧૧ કી રાત્રિ કૂં આપશ્રીને આજ્ઞા કીની જો—શ્રીમથુરેશજી અબ બ્રજ છોડિ કે કોટા કાહે કૂં પધારત હૈં? કોઈ સમય યહૉં પધારનો પડેગો.[1] ઐસી આજ્ઞા કરિ કે એકાંત પધારે.

વચનામૃત-૩૬

એક સમય મેનપુરા મેં એક મરજાદી વૈષ્ણવ કે ઘર, સખડી ઘર દેખવે કૂં પધારે. જાય કે દેખે તો રસોઈ મેં બાજરે કી પૂરી હતી. તબ આજ્ઞા કીની જો—તુમ બાજરે કી રોટી પ્રભુ કૂં ધરો હો, સો ઉદરનિર્વાહાર્થ ભલે ધરો; પરંતુ પ્રભુન કી આડી સૂં થોડી સી ગેહૂંકી રોટી કરકે નિત્ય ધરની. પ્રભુ કૂં બાજરે કી રોટી નિત્ય સુહાય નહીં.

વચનામૃત-૩૭

એક સમય આપશ્રીને આજ્ઞા કીની જો—શ્રીપાદુકાજી કી સેવા કૂં મંગલભોગ ધરવે કી રીત નહીં. સ્નાન કરાયે પાછે, સિંગાર ધરે પાછે ભોગ આવે.

વચનામૃત-૩૮

એક સમય આપને આજ્ઞા કીની જો-અપને ઘરમેં ફાગુન કે દિનન મેં ગ્વાલ મેં શ્રીઠાકુરજી ખેલત હૈં, ઔર દૂસરે ઘરમેં રાજભોગ પાછેં ખેલત હૈં.

વચનામૃત-૩૯

એક સમય આપ ગુજરાત કે પ્રદેશ મેં રામપુર ગામ મેં બિરાજત હતે. વહૉં એક વૈષ્ણવ કે ઘર પધરાવની મેં પધારે. તબ વાકે ઘર મેં શ્રી....કો ચિત્રસ્વરૂપ બિરાજત હતો. પાછેં વા વૈષ્ણવ કી આરતી દેખિકે, શ્રીઠાકુરજી કી આરતી કરિકે સ્વરૂપ કે દર્શન કિયે. ચિત્ર સેવા કો સ્વરૂપ શ્રીહસ્ત મેં લેય કે ફિર દેખ્યો, તો ચંદન કે ચોકઠા મેં સ્વરૂપ બિરાજત હતો. ઉપર કૉંચ હતો. વામેં ચિબુક, કુંડલ, પાગ, કટિમેખલા, નૂપુર આદિ સબ સિંગાર, લગાવ તેં લગાય કે ઠરે હતે. સો

+ આપશ્રીનું આ વચનામૃત સત્યસિદ્ધ થયેલું છે. શ્રી મથુરેશજી કોટાથી વ્રજમાં થોડા વર્ષો સુધી બિરાજી, ભાગ્યશાળી જીવોને કૃપા દાન કરીને પાછા સં. ૨૦૩૧ માં કોટા પધાર્યા છે.

દેખિકે સબ ઉખાડ દિયે, ઔર આજ્ઞા કીની જો—ચિત્રસેવા સિંગાર સહિત બિરાજત હૈ. વાકૂં લગાવ સૂં સિંગાર ન કરને. બડી માલા ધરિકે સિંગાર કરને.

વચનામૃત-૪૦

એક બેર આપશ્રીને આજ્ઞા કીની જો—હમારે ઘર કે મુખિયા-ભીતરિયા, હમારે જલઘરે મેં નહાયવે સૂં વાકૂં મરજાદ હોત હૈ. ઔર વૈષ્ણવન કે ઘર ઇન કૂં ન્હવાવે, તબ આજ્ઞા ચહિયે.

વચનામૃત-૪૧

એક સમય આપ કૂં એક વૈષ્ણવને પૂછી—જે, રાજ ! અપને ઘર મેં સૂત કો પવિત્રા શ્રીઠાકુરજી કૂં ધરે જાય ? તબ આજ્ઞા કીની જો-અપને ઘરમેં ધરવે કી રીત નહીં. ઔર હોય તો સિંહાસન પેં ધરે જાય.

વચનામૃત-૪૨

એક સમય આપશ્રીને આજ્ઞા કીની જો—સેવા હૈ સો સ્વરૂપાત્મક હૈ. વામેં શ્રીપાદુકાજી, ઔર શ્રી ચરણ-વસ્ત્રસેવા ઔર હસ્તાક્ષરી નામાંકિત પત્રસેવા યે ભાવાત્મક સદાનંદ સ્વરૂપ હૈં. ઔર ચિત્રસેવા તથા સ્વરૂપસેવા યે સચ્ચિદાનંદ સ્વરૂપ હૈં. સચ્ચિદાનંદ સ્વરૂપ મેં સાક્ષાત્ સ્વરૂપ કો દર્શન હોય હૈ. યાતેં સ્વરૂપ કૂં સિંગાર હોય હૈ, ઔર ભાવાત્મક સેવા મેં ભાવ સૂં સિંગાર હોત હૈ.

વચનામૃત-૪૩

એક સમય અંતરંગ ભક્ત અમૃતલાલભાઈ પ્રેમી કૂં આજ્ઞા કીની જો-શ્રી....કી માલા કૂં સખડી-અનસખડી ભોગ ધરનો હોય, તબ એક જલ કી લોટી ઔર બીડી-સોપારી કો ટુક અવશ્ય ધરનો. દૂધઘર-મેવા કી સાથ અચવાયવે કી આવશ્યકતા નહીં. રસદાર સામગ્રી હોય, તબ અચવાયે જાય.

વચનામૃત-૪૪

એક સમય પ્રસંગોપાત્ત અમૃતલાલભાઈ પ્રેમી કૂં આજ્ઞા કીની જો—શ્રીગોકુલનાથજી કે વચનામૃત દેખે પાછેં કાલ-ચોઘડિયા-વ્યતિપાત આદિ કછૂ દેખનો નાँહીં. પંચાંગ કી મિતિ દેખ, વચનામૃત દેખ પરદેશગમન કરનો. યામેં કાહૂ બાત કી શંકા કરની નહીં. વિશ્વાસ રાખનો. પ્રભુ આછો હોયગો સો કાર્ય સબ સિદ્ધ કરેંગે.

વચનામૃત-૪૫

એક સમય આપશ્રીને વે પ્રેમી ભક્ત કૂં આજ્ઞા કીની જો-સખડી પ્રસાદ ભગવદીય કે હાથ કો લેનો એ ઉચિત હૈ.

વચનામૃત-૪૬

એક સમય શ્રી ગિરિરાજ મેં જતીપુરા મેં આપ અપને મંદિર મેં બિરાજતે હતે, તબ ઉત્સવ પેં રાત્રિ

કૂં ધોલ બોલવે કે સમય તિલક કે લિયે ખવાસ એક દોના મેં કુંકુમ લે આયો. તબ આપશ્રીને આજ્ઞા કીની જો—કુંકુમ-અક્ષત કટોરા મેં લાવનો. ઉત્સવ સમય દોના મેં ન લાવનો. માંગલિક વસ્તુ દોના મેં લાની અશુભ માની જાય હૈ.

વચનામૃત-૪૭

એક સમય આપશ્રીને આજ્ઞા કીની જો—શુભ કાર્ય મેં ચટાઈ બિછાઈ જાત નહીં.

વચનામૃત-૪૮

શ્રીગિરિરાજ મેં શ્રીમદ્દુજી મહારાજ કો મંદિર હૈ, વામેં એક દિન ચોરી ભઈ. કર્મચારીનને મિલિકે ચોર કૂં પકડ લિયો, મંદિર કે સામને એક વૃક્ષ હતો, વાકે સાથે બાઁધ્યો, કોઈ વૈષ્ણવ ને આપશ્રી કૂં ચોરી કી ઔર ચોર કી બાત કરી. તબ આપ ચોર કૂં દેખને કે લિયે પધારે. ચોર કૂં દેખકે આપશ્રીને કહ્યો યે તો મનુષ્ય હૈ, ચોર નહીં. વાકૂં ભૂખ લગી હોયગી. છોડ દો. ઐસી આજ્ઞા કરિકે વાકૂં બંધન તેં છુડાયો, ઔર ખાયવે કે લિયે મહાપ્રસાદ કો કટોરા ભર કે દિયો.

વચનામૃત-૪૯

એક સમય પ્રસંગોપાત્ત બાત ચલી જો-સંબંધ સાઁચો ચહિયે. જૈસે બિજલી કો કારખાના હજારન કોસ દૂર હોય ઔર યહાઁ તે કલ દબાયવે સૂં તત્કાલ સંબંધ

હોય જાય ઔર બિજલી કો પ્રકાશ ચાલુ હોય જાય હૈ. તૈસે પ્રભુ કો સંબંધ હોત હી જીવ ભગવદ્રૂપ હ્વૈ જાય હૈ. શ્રીઆચાર્યજી કી આજ્ઞા હૈ.-ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્તદ્વ-દત્રાપિ ચૈવ હિ। કીટભ્રમરવત્.

વચનામૃત-૫૦

એક સમય વૈષ્ણવને બિનતી કીની-જે, રાજ! આચાર્યરૂપ શ્રીગુરુદેવ પ્રકટ સમય અપને શ્રીકંઠ મેં તુલસીમાલા ધારન કરત હૈં. ઔર વે શ્રીગુરુદેવ કે શ્રીપાદુકાજી આદિ સેવા મેં બિરાજત હોય, ઇનકે ચરણારવિંદ મેં તુલસીદલ સમર્પે ન જાય, ભોગ મેં હૂ તુલસીજી પધરાય વે કી રીત નહીં. હમારે યહાઁ શ્રીઠાકુરજી કે ચરણારવિંદ મેં તથા ભોગ મેં તુલસીજી સમર્પવે કી રીત હૈ. યહ આજ્ઞા કરકે ગુરુસેવા કરવે કો પ્રકાર દિખાયો.

વચનામૃત-૫૧

એક સમય શ્રીગોકુલ મેં અપની બૈઠક મેં આપશ્રી બિરાજત હતે. તબ એક વૈષ્ણવને પૂછી જો-રાજ! શ્રીબૈઠકજી મેં પવિત્રા ફૂલમાલા કહાઁ તક ધરાયે જાય? તબ આપ ને આજ્ઞા કીની જો-ભાદો વદિ ૬ તાઁઈ ધરાયે જાય. સેન મેં વિજય ભયે પીછે ધરે ન જાય.

વચનામૃત-૫૨

એક સમય એક વૈષ્ણવ ને બિનતી કીની-જે, રાજ! શ્રીપ્રભુ કૂં પવિત્રા ધરવે કો ભાવ કૃપા કરિકે સમઝાઇયે.

તબ આપને આજ્ઞા કીની જો-જૈસે લૌકિક મેં કન્યા અપને પતિ કૂં વરમાલા ધરાવે હૈ, વૈસો હી બ્રહ્મસંબંધ ભયે કો તાત્પર્ય હૈ. લૌકિક મેં વરમાલા આરોપે પાછેં કન્યા અન્ય પુરુષ કૂં મન મેં લાવે, તબ પ્રતિવ્રતધર્મ સૂં ભ્રષ્ટ હોય જાય. તૈસે પવિત્રા ઉત્સવ કે દિન શ્રીપ્રભુ કૂં પવિત્રા ધરાવે હૈં, સો વરમાલા કે ભાવ સૂં હૈ, યાતે લૌકિકવત્ શ્રીપ્રભુન કે સાથ પતિવ્રતધર્મ માનિકે પવિત્રા ધરાયે જાય હૈ. યહ બાત વિસ્મરણ ન હોની ચાહિયે.

વચનામૃત-૫૩

એક સમય આપ કૂં એક વૈષ્ણવ ને પૂછ્યો-જે, રાજ! આપને ઘર મેં જીવ કૂં બ્રહ્મસંબંધ કરાયવે મેં વાકી ઉંમર કો પ્રમાણ દેખવે મેં આવે હૈ કહા? તબ આપને આજ્ઞા કીની જો- અપને ઘર કી રીત સબ ઘરન તેં ન્યારી હૈ. શ્રીવલ્લભાચાર્યજી, શ્રીગુસાંઈજી કી પ્રણાલિકા શ્રીગોકુલેશ ને રાખી હૈ, યાતેં અપને ઘર મેં ઉંમર કો પ્રમાણ નહીં હૈ.

અપને ઘર મેં બાલક કો જન્મ હોય તબ ૧૨ વેં દિન નામ સુનાયો જાત હૈ. ઔર ૪૫ દિન ભયે પાછેં વાકૂં વાકી મૈયા કી ગોદ મેં બૈઠાય કે બ્રહ્મસંબંધ દિયો જાત હૈ. ક્યોં જો વે જીવ કી ઉંમર કો પ્રમાણ અપને ઘર મેં દેખવે કો નહીં હૈ. જૈસે ચતુર્ભુજદાસજી કૂં ૧૨ વેં દિન નામ સુનાયો, ઔર ૪૫ વેં દિન વાકૂં બ્રહ્મસંબંધ કરાયો હૈ. યહ બડેન ને કિયો હૈ, સો અપને ઘર મેં શ્રીઠાકુરજી (શ્રીગોકુલેશજી) કે સમય કી રીત હૈ, સો ચલ રહી હૈ. જીવ કી ઉંમર દેખવે મેં બીચ મેં વાકો મૃત્યુ હૈ જાય, તબ વે જીવ કો અકાજ હોય. યાસૂં જીવ કી ઉંમર ગીની જાત નહીં. યાતેં અપને ઘર મેં ઉંમર નિયામક નહીં હૈ, કૃપાસાધ્ય હૈ. જીવ બોહોત કાલ સૂં શ્રીપ્રભુન તેં વિછર્યો હૈ, સો કૃપા કરિકે બડેન ને યહ રીત રાખી હૈ. યાતેં અપને ઘર મેં બ્રહ્મસંબંધ જબ તે, તબ દિયો જાય હૈ.

વચનામૃત-૫૪

એક સમય આપ શ્રીગોકુલ બિરાજત હતે, તબ એક વૈષ્ણવ ને બિનતી કીની—જે, રાજ! મૈં બ્રજ કી પરિક્રમા કરિ આઊં?

તબ આપને આજ્ઞા કીની જો—સાક્ષાત્ છોડ કે વાકે ચિહ્ન દેખિવે કહા જાત હૈ? જાનો હોય તો અપને ઘર કી પરિક્રમા નીકલે, તબ જાયવે મેં હરકત નહીં. માહાત્મ્ય જાનિકે સ્વરૂપ છોડિ જાયવે કી રીત નહીં હૈ. એક પોત બ્રજ કે સ્થલન કે દર્શન કરને હોય તો મહાનુભાવી ભગવદીય કે સંગ જાનો. વહાઁ દોય-ચાર દિન રહે કે વા સ્થલ કી ભાવના કરની. ઐસે મહાનુભાવ કે સાથ પરિક્રમા કરવે મેં જો સુખ હૈ, સો બહુધા મેં નાઁહીં મિલત હૈ

વચનામૃત-૫૫

સંવત ૧૯૬૮ કે ફાગુન સુદિ ૧૩ કૂં અપને આજ્ઞા કીની જો- યે અબ છેલ્લો મનોરથ હૈ. અનુભવસિદ્ધ હૈ. કોઈ કો મન મતિ દુઃખાઓ. યે આજ્ઞા કરિકે સબન કૂં છેલ્લી પહેરાવની દીની.

ફાગુન વદિ ૧૪ કૂં આપ અપની ઇહલોક કી લીલા સમેટ કે નિત્યલીલા મેં પધારે.

વચનામૃત-રત્નાકર, ભાગ ૧

૩

ગો. શ્રી દામોદરલાલજી મહારાજનાં

૧૮ વચનામૃત

ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (મથુરાવારેન)કે

* ૧૮ વચનામૃત *

જીવન-પરિમલ

ગો.શ્રીદામોદરલાલજી મહારાજનું પ્રાકટ્ય સં. ૧૯૪૯ ના ભાદરવા વદિ ૩ ના દિવસે મથુરામાં થયું હતું. આપશ્રીના પિતાશ્રીનું નામ શ્રી ઘનશ્યામલાલજી મહારાજ (સં. ૧૯૩૨, ભારતવર્ષના શ્રેષ્ઠ હાર્મોનિયમ-વાદક), માતુશ્રીનું નામ શ્રીપ્રાણવ્રતી (પાર્વતી) વહુજી, તાતજીનું નામ અનન્યશિરોમણિ શ્રી રમણલાલજી મહારાજ (સં. ૧૯૦૪) અને લઘુ બંધુનું નામ સંગીતકલાધર ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (સં. ૧૯૫૬).

કામવનમાળા શ્રીદેવકીનંદનાચાર્યજીના પિતા શ્રીગોવિંદ પ્રભુએ શ્રીદામોદરલાલજી મહારાજના તાતજી શ્રીરમણ પ્રભુને કહેલું કે, ‘રમણલાલજી! મેરી તુમ્હારે યહાઁ પ્રાકટ્ય લેયવે કી ઇચ્છા હૈ.’ તાતજી શ્રી રમણ પ્રભુને

લાલજીના પ્રાકટ્ય પહેલાં અને પછી આ કથનનો અનુભવ થયેલો.

ત્યાર બાદ આપશ્રી માતૃચરણના ઉદરમાં પધાર્યાં. પ્રાકટ્ય પહેલાં એક દિવસે શ્રીરમણ પ્રભુએ ભરતપુરથી બેન્ડ મંગાવવા માટે અંતરંગ માણસને બોલાવીને આજ્ઞા કરી કે,

'અમારે ત્યાં પૌત્રનું પ્રાકટ્ય થનાર છે; તેથી ભરતપુર જઇને બેન્ડ લઈ આવો.'

ત્યારે તેમણે સામો પ્રશ્ન કર્યો કે,

'જો જો, કદાચ પૌત્રી થશે તો ?'

આપશ્રીએ તરત જ મક્કમતાથી કહ્યું : 'પૌત્ર હી હોયગો. ક્યોં કિ બહૂજી કે ઉદરમેં કામવનવારે ગોવિંદ પ્રભુ બિરાજે હૈં. હમકૂં પક્કો અનુભવ હોય ગયો હૈ.'

તાતજીએ વાજિંત્રો આદિની મંગલ તૈયારી કરી રાખી, અને તેના બીજા દિવસે જ, મંગલ પ્રભાતે શ્રીદામોદરલાલજીનું પ્રાકટ્ય થયું.

બાલ્યાવસ્થાથી જ આપશ્રીનું સ્વરૂપ વૈરાગ્યયુક્ત હતું. પુષ્ટિમાર્ગીય સેવા–શૃંગાર, પ્રાચીન વેશભૂષા અને પરંપરાથી પ્રચલિત આચારમર્યાદાના આપશ્રી આગ્રહી હતા. નાણાકીય કોઈ પણ નોટનો સ્પર્શ પણ કરતા નહીં. ભેટમાં કે વ્યવહારમાં ચાંદીના રોકડા રૂપિયાનો જ આગ્રહ રાખતા.

નાનપણથી જ ગ્વાલમંડલીના શ્રીઠાકોરજી પધરાવીને

શૃંગાર કરતા, સાંપ્રદાયિક સેવાપ્રણાલિકાને અનુસરીને મનોરથો પણ કરતા, અને સમવયસ્ક સખાઓને બોલાવી દર્શન કરાવવા સાથે અલૌકિક પ્રેરણાનું દાન કરતા.

સાતમે વર્ષે કડી ગામમાં આપશ્રીનો યજ્ઞોપવીત પ્રસ્તાવ થયો હતો. જનોઈ પછી તાતજી શ્રીરમણ પ્રભુએ એઓશ્રીના અધ્યયનનો સુંદર પ્રબંધ કર્યો હતો.

છોટી ઉંમરથી જ કસરત–કુશ્તીમાં સારો રસ ધરાવતા, તેમજ કુશ્તીબાજો અને પહેલવાનોનું ઉચિત સન્માન પણ કરતા. આપશ્રી પખાવજ (મૃદંગ) વાદન કલામાં અત્યંત કુશલ હતા. ભારતના ઉત્તમ કલાકાર શ્રીમખ્ખનજી પખાવજી પાસેથી પખાવજ વગાડતાં શીખ્યા હતા. અને આગળ જતાં એવું પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું કે, તેમાં કેટલીક સ્વતંત્ર તરજોનો આવિષ્કાર પણ કર્યો હતો. આપશ્રીના દ્વિતીય પુત્ર શ્રીવ્રજરમણલાલજી એ કલા–વારસાને શોભાવી રહ્યા છે.

આપશ્રીનું પ્રથમ લગ્ન ચંદોસી ગામે રેહી શ્રીગોપીનાથ લાલાજીનાં મોટાં લાલીજી શ્રીચંદ્રાવતી વહુજી સાથે સં. ૧૯૫૭માં થયું હતું. આ વહુજીથી આપશ્રીને ત્રણ સંતાનો થયાં હતાં : ૧. શ્રીલાલજી, ૨. શ્રીપુરુષોત્તમલાલજી (સં. ૧૯૬૮ના માગશર વદિ ૧૩) અને ૩. બેટીજી શ્રીમન્નૂબા.

પુત્ર શ્રીપુરુષોત્તમલાલજી કોટામાં શ્રીબડે મહાપ્રભુજીની ગાદી ઉપર બિરાજે છે. શ્રીમન્નૂબા બેટીજી પોરબંદરમાં કાકાજી શ્રીદ્વારકેશલાલજી પાસે જ રહેતાં.

શ્રીદામોદરલાલજી મહારાજ અલ્પ સંખ્યામા જ બ્રહ્મસંબંધ આપતા; પોતાનું ઉચ્છિષ્ટ કોઈને દેતા નહીં; ઘણા દિવસો સુધી તો કેવળ ફલાહાર ઉપર જ રહેતા; સદા માનસીમાં જ નિમગ્ન રહેતા; યાવની (ઉર્દૂ અને અંગ્રેજી) ભાષા ક્યારેય બોલતા નહીં; જ્યારે વચનામૃત કરતા ત્યારે તેના ભાવમાં મગ્ન બની જઈ ગદ્ગદ અને રોમાંચિત થઈ જતા.

લઘુ બંધુ શ્રીદ્વારકેશલાલજી મહારાજ ઉપર અત્યંત પ્રેમભાવ રાખતા. જ્યારે જ્યારે એમને મળતા કે તરત જ મુખારવિંદમાંથી મૂળપુરુષની પંક્તિ સરી પડતી કે—

‘દ્વારકેશ નિરોધ માંગે, યહી ફલ કી આસ હૈ.’

તદુપરાંત પ્રસન્નતામાં ઘણી વાર આજ્ઞા કરતા કે, ‘હમ ઔર દ્વારકેશ એક હૈં. હમારો દોનોંન કો ભાવ એક હી હૈ.’

શ્રીદામોદરલાલજી મહારાજનાં પ્રથમ પત્નીએ લીલા કર્યા પછી થોડા સમય બાદ એઓશ્રીનું દ્વિતીય લગ્ન, જૂનાગઢવાળા શ્રીગોકુલેશજી મહારાજનાં શ્રીદેવકા બેટીજીનાં મોટાં લાલીજી શ્રીચંદ્રપ્રિયા વહુજી (શાન્તુબા) સાથે સં. ૧૯૮૨ ના વૈશાખ સુદિ ૫ ના દિવસે મથુરા મુકામે થયું હતું. આ દ્વિતીય વહુજીનાં બે સંતાનો બિરાજે છે: ૧. શ્રીવ્રજરમણલાલજી(શ્રીમટ્ટૂલાલજી), ૨. શ્રીસુંદરપ્રિયા બેટીજી (રાજા). શ્રીદામોદરલાલજી મહારાજના બંને પુત્રો વિદ્વાન, સૌમ્ય, વિનયશીલ અને ઉભયવિધ સેવાપરાયણ છે.

શ્રીવ્રજરમણલાલજીએ પિતૃચરણના મૃદંગવાદન કલાવારસાને દીપાવ્યો છે.

લઘુ બંધુ શ્રીદ્વારકેશલાલજીને ત્યાં બે બેટીજી થયા પછી દીર્ઘ સમય સુધી લાલબાવાનું પ્રાકટ્ય થયું નહોતું. એ સંબંધી આપશ્રી આજ્ઞા કરતા કે, ‘તુમ્હારે યહાઁ લાલ અવશ્ય પ્રગટેંગે ઔર હમ આનંદ સૂં નંદમહોત્સવ કરેંગે.’ પછી જ્યારે શ્રીમાધવરાયજીનું પ્રાકટ્ય થયું, ત્યારે એઓશ્રી મથુરાથી પોરબંદર પધાર્યા હતા અને આનંદ કર્યો હતો.

ભોજનમાં આપશ્રીને વિવિધ પ્રકારની સામગ્રી અને તેમાંય વિશેષતઃ રસદાર બૂંદી અને દાળઢોકળી અત્યંત પ્રિય હતી. શ્રીદ્વારકેશલાલજી પાકકલામાં કુશલ હોવાથી સાથે બિરાજતા હોય ત્યારે જે ઇચ્છા થાય તે આજ્ઞા કરતા અને કહેતા: ‘તેરે હાથકી રસોઈ મોકૂં બોહોત પ્રિય હૈ.’

સં. ૧૯૯૮ માં જ્યારે સિંધનો પ્રદેશ કરીને એઓશ્રી પાછા મથુરા પધાર્યા, ત્યારે કૌટુંબિક કારણવશાત્ પોતાને મંદિરે ન પધારતાં ધર્મશાળામાં બિરાજ્યા. આ પ્રદેશમાં જ શ્રીઅંગ અસ્વસ્થ થયું હતું. નાના ભાઈ શ્રીદ્વારકેશલાલજી પણ તે સમયે સહકુટુંબ મથુરા બિરાજતા હતા. જ્યેષ્ઠ બંધુના ઔષધોપચારમાં એઓશ્રીએ ઘણી જ મહેનત કરી, પરંતુ દર્દ દિવસે દિવસે વધતું ગયું અને શ્રીઅંગ ક્ષીણ થતું ગયું!

ત્રણેક વર્ષ પહેલાં કોટાના સ્ટેશનના વેઇટિંગ રૂમમાં

ગાડીની પ્રતીક્ષા કરતા આપશ્રી બિરાજતા હતા, ત્યારે પુત્ર શ્રીપુરુષોત્તમલાલજીને ભવિષ્યવાણી કરતા હોય તેમ આજ્ઞા કરી: ‘અબ શ્રીઠાકુરજી હમારી યાદ કરે હૈં. અબ તો જલ્દી પહોંચનો હૈ, પરંતુ અભી તીન વર્ષ ભૂતલ પેં હૈં.’ આ માંદગી વખતે એ ત્રણ વર્ષની સમયમર્યાદા આવી ગઈ લાગતી હતી. શ્રીઅંગ અસ્વસ્થ હોવા છતાં, લઘુ બંધુ શ્રીદ્વારકેશલાલજી પ્રેમાગ્રહ ભરેલી વિનંતીને માન આપીને ‘વસંતપંચમી’ને દિવસે મંદિરે પધાર્યા અને અપરસમાં સ્નાન કરી, શ્રી....ને પ્રસન્નતાથી ખેલાવીને નાના ભાઈને કહ્યું:

‘યા દેહ સૂં હમારી છેલ્લી સેવા હૈ.’

સં. ૧૯૯૮ના ફાગણ સુદિ ૯ને મંગળવારે આપશ્રીએ શ્રીદ્વારકેશલાલજીને આજ્ઞા કરી:

‘દ્વારકેશ! કછુ ચૈન નાઁહીં પરત. શ્રીનાથજી કી ભાવના ઔર સેવાપ્રકાર સુનનો હૈ.’

‘હાઁ, જે!’—આમ કહીને શ્રીદ્વારકેશલાલજીએ આજ્ઞાનુસાર શ્રવણ કરાવ્યું. સાંભળતાં સાંભળતાં જ એઓશ્રી ધ્યાનમગ્ન બની ગયા!

પોતાના મંદિરની સામે જ શ્રીયમુનાજી બિરાજતાં હોવાથી બેઠકની બારીમાંથી શ્રીયમુનાજી સામી દૃષ્ટિ કરી, હાથ જોડીને વિનંતી: ‘હે શ્રીયમુનાજી!’–આમ કહીને પાસે ઊભેલાઓને પૂછ્યું: ‘શ્રીયમુનાજી નહીં આઈ?’

તે વખતે શ્રીયમનાજીમાં જલ નહોતું. પરંતુ વિનંતી થતાં થોડી વારમાં જ ખળખળ વહેતું જલ છેક ઘાટ સુધી આવી ગયું! તરત જ શ્રીયમુનાજી પધાર્યાની જાણ થતાં આપશ્રીને વિનંતી કરી: ‘જે, રાજ! શ્રીયમુનાજી પધારે હૈં.’

ત્યારે પોતે અત્યંત પ્રસન્ન થઈને બારીમાંથી દર્શન કરી, નમન કરતાં બોલ્યા:

‘વાહ! શ્રીયમુનાજીને બહોત કૃપા કરી. અબ બડો આનંદ ભયો. અબ જાનો હૈ.’ પછી ‘અબ હમ શાંતિ સૂં સોવેંગે. તુમ લોગ સોય જાઓ’— એમ આજ્ઞા કરીને પોઢયા.

સં. ૧૯૯૪ના ફાગણ સુદિ ૧૦ બુધવાર, તા. ૨૫-૨-૪૨ના દિને બ્રાહ્મમુહૂર્તમાં શ્રીદ્વારકેશલાલજી મહારાજ આવીને જુએ છે તો આપશ્રી શાંતિથી પોઢયા હોય એવું લાગતું હતું, પરંતુ નિત્યલીલામાં પધારી ગયા હતા.

લીલા કર્યા પછી શ્રીદામોદરલાલજીએ એક દિવસે દ્વારકામાં શ્રીકમલા બેટીજી(શ્રીદ્વારકેશલાલજી મહારાજનાં સાસુ)ને સ્વપ્નમાં આજ્ઞા કરી કે, ‘શ્રીમહાપ્રભુજી કૂં દારઢોકરી આરોગાઓ.’

આજ્ઞાનુસાર શ્રીકમલા બેટીજીએ દાળ-ઢોકળીની સામગ્રી સિદ્ધ કરી શ્રીદ્વારકાપુરીમાં બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીને આરોગાવી બીજે દિવસે પુનઃ સ્વપ્નદર્શન આપી,

પ્રસન્નતા બતાવી કે, 'હમ બી દાર-ઢોકરી આરોગે હૈં, હમકૂં બહોત ભાઈ હૈ.'

અહીં 'શ્રીદામોદરલાલજી મહારાજ કે ૧૮ વચનામૃત' પ્રસિદ્ધ થાય છે.

વચનામૃત-૧

આપશ્રી કાઠિયાવાડમાં પોરબંદરથી ખીરસરા થઈ બારાડીમાં પધારતા હતા. સાથે સોઢાણાવાળા શ્રીદામોદરભાઈ મરજાદીના પિતાશ્રી નાનજી બાપા અને જેતપુરવાળા શ્રીબાબુભાઈ મરજાદી હતા. પાત્ર વગર વચનામૃત કરતા નહીં. મોટરમાં રવાના થયા પછી આગળ ચાલતાં આપશ્રીએ પ્રસન્ન વદને નાનજી બાપાને આજ્ઞા કરી કે,

'નાનજીભાઈ! વૈષ્ણવન કૂં શ્રીવલ્લભાધીશ કો સ્વરૂપ-જ્ઞાન યથાર્થરૂપ મેં નહીં હોયવે સૂં ફલપ્રાપ્તિ મેં વિલંબ હોય હૈ.'

ત્યારે નાનજી બાપાએ વિનંતી કરી કે,

'જે, જે, વૈષ્ણવોને શ્રીવલ્લભ વિના, શ્રીગુરુદેવ કે શ્રી વલ્લભના બાલકો વિના બીજું કાંઈ સર્વસ્વ નથી. અમારી એ સ્વરૂપોમાં દૃઢ આસક્તિ થતી નથી, તેનું કારણ સમજાવવાની કૃપા કરો.'

આપશ્રીએ અતિ પ્રસન્ન થઈને આજ્ઞા કરી:

'નાનજીભાઈ! પ્રથમ તો વૈષ્ણવન કૂં બડ઼ેન કે આગે પ્રેમ-દૈન્ય-વિનય સૂં કેસે બૈઠનો, ઉઠનો, વાકો જ્ઞાન રખનો ચહિયે. પતિવ્રતા સ્ત્રી આપને પતિ કે સન્મુખ કિતનો વિનય-વિવેક રાખે હૈ, કિતની સાવધાન હોય કે રહે હૈ? વૈસે વિનય-વિવેકયુક્ત સાવધાન રહેનો ચહિયે. બડ઼ેન કે સન્મુખ જાય કે નેત્રન સૂં હી કોટાનકોટિ દંડવત્ અંગીકાર કરાયવે કો ભાવ આનો ચહિયે. સમયાનુસાર અનુકૂલ રહેનો, બડ઼ેન કી પ્રસન્નતા કો કારણ હોય હૈ. ગુરુદેવ કો મનોભાવ પરખિ કેં અનુકૂલ રહેનો, યે દાસભાવ કા પ્રધાન લક્ષણ હૈ.'

વચનામૃત-૨

સં. ૧૯૪૨માં આપશ્રીને ત્યાં છોટા લાલબાવા શ્રી વ્રજરમણલાલજીનું પ્રાકટ્ય જૂનાગઢમાં થયું, ત્યારે આપશ્રીએ છઠ્ઠીનો પ્રસ્તાવ બાબરા મુકામે ઉત્સાહપૂર્વક મનાવ્યો. જમનાદાસભાઈ કોયલીવાળા આપશ્રીની સાથે હતા. તેમને આગલે દિવસે સાંજના બોલાવીને આજ્ઞા કરી કે,

'કલ હમારો કેસરસ્નાન હોયગો. મંગલા હોય ચુકે પીછે મનોરથી કૂં તૈયાર રખિયો.'

બીજે દિવસે મંગલા સમયે મનોરથી હાજર હતા. વૈષ્ણવોની ભીડ ઘણી જ હતી. કેસરી ધોતી-ઉપરણા તૈયાર રાખી, ખવાસને કોરું કેસર આપીને કેસરી જલ તૈયાર કરવાનું જમનાદાસભાઈ કહેતા હતા, ત્યાં તેમના હાથમાંથી કેસરનો કટોરો લઈને આપશ્રીએ સરોષ આજ્ઞા કરી:

'જમનાદાસ! તોકૂં ઇતનો બી જ્ઞાન નહી હૈ? બુલાવ, મનોરથી કૂં.'

આજ્ઞા થતાં મનોરથી ત્યાં પાસે આવ્યાં. તેમના હાથમાં પોતાના શ્રી હસ્તથી થોડુંક કેસર આપીને આજ્ઞા કરીઃ

'હાં...., અબ કેસરસ્નાન કરાઓ.'

મનોરથી બહેને અદ્ધરથી ચરણાવિંદ ઉપર કોરું કેસર પધરાવ્યું, ભેટ ધરી. તે પ્રમાણે અન્ય વૈષ્ણવોએ પણ તેનું અનુસરણ કર્યું. જેમની પાસે નોટ હતી, તેમને આજ્ઞા કરી કે 'કલદાર રૂપૈયા ધરો; કાગજ મત ધરિયો.' આજ્ઞા થતાં વૈષ્ણવો નોટને બદલે રોકડા રૂપિયા મંગાવીને ધરવા લાગ્યા.

કેસરસ્નાનનો વિધિ પૂર્ણ થયા પછી આપશ્રીએ જમનાદાસભાઈને આજ્ઞા કરી કે,

'જમનાદાસ ! તોકૂં ઈતની સમઝ નહીં હૈ કિ હમારે યહાં લાલાબાવા કો પ્રાગટ્ય ભયો હૈ. વા નિમિત્ત હમ છઠ્ઠી કો પ્રસ્તાવ યહાં મનાય રહે હૈં ? દસ દિન તાંઈ હમકૂં પિંડરૂ લગે હૈ. પિંડરૂ મેં જલકો સ્પર્શ હોય કહા ? યા હી કારણ સૂં હમને કોરે કેસર સૂં કેસરસ્નાન કિયો હૈ. યાતેં આચારમર્યાદા કો પાલન ભયો ઔર વૈષ્ણવન કો મનોરથ ભી સિદ્ધ ભયો. દોનોં કાર્ય વિવેક સૂં સિદ્ધ ભયે.'

વચનામૃત-૩

કાઠિયાવાડના પ્રદેશમાં એક દિવસે મેઘજીભાઈ નામના એક વૈષ્ણવે આપશ્રીને પ્રશ્ન કર્યો :

'કૃપાનાથ ! ભગવન્મંદિરમાં શ્રી ઠાકોરજી સન્મુખ ખંડપાટ, ખિલોનાં, પિછવાઈ વગેરે જે જે વસ્તુઓ ધરવામાં આવે છે, તે સ્વરૂપાત્મક તેમ જ ભાવાત્મક છે; પરંતુ જ્યારે ખિલોનાં વડાં કરવામાં આવે છે, ત્યારે તેને ટોકરા કે તબકડીમાં આડાંઅવળાં, ઊંધાંસીધાં જેમતેમ પધરાવે છે, તેનું શું કારણ ?'

ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી : 'અનોસર મેં ખિલોનાન કૂં શ્રી ઠાકુરજી કો વિયોગ હોય હૈ. યા વિયોગ કે કારણ ઉનકી દેહાનુસંધાન રહિત દશા હોય હૈ. યા હી કારણ સૂં ખિલોનાન કૂં ટોકરા વા તબકડી મેં જૈસેતૈસે ધર દેયઁ હૈં.'

વચનામૃત-૪

એક વાર એક વૈષ્ણવે પૂછ્યું કે, 'કૃપાનાથ ! શ્રીનાથદ્વારમાં એક તાળું છે, તેને વૈષ્ણવો પોતાના હાથથી સ્પર્શ કરી, નેત્ર ઉપર લગાવે છે, તેનું શું કારણ ?'

પ્રત્યુત્તરમાં આપશ્રીએ આજ્ઞા કરી : 'વૈષ્ણવ ! દેખો, તારામંગલ હોય વે કે પીછે શ્રી...કે દર્શન નહીં હોય હૈં, યે તારો શ્રીમહાપ્રભુજીકો શ્રીહસ્ત હૈ. શ્રીમહાપ્રભુજી, શ્રીસ્વામિનીજીરૂપ હૈં. યાસૂં શ્રીસ્વામિનીજી કી મુદ્રિકા કે ભાવ સૂં મંદિર મેં તાલામંગલ હોય હૈ. શ્રી સ્વામિનીજીસ્વરૂપ શ્રીમહાપ્રભુજી કી કૃપા હોય વે સૂં શ્રી ઠાકુરજી કે દર્શન હોય હૈં. શ્રીસ્વામિનીજી સ્વરૂપ આચાર્ય-

'શ્રી કી મુષ્ટિકા કે ભાવ સૂં યે તારો સ્વરૂપાત્મક ઔર ભાવાત્મક હૈ. યા કો ભાવ બિચારિકેં સ્પર્શ કરેં, તો હૃદયમેં ભાવ સ્થિર હોય.'

વચનામૃત-૫

શ્રીઠાકુરજી જા ગાદી પે બિરાજે હૈં, વહ ગાદી શ્રીયશોદાજી કે ભાવ સૂં આવે હૈ. અર્થાત્ શ્રીઠાકુરજી, શ્રીયશોદાજી કી ગોદ મેં બિરાજે હૈં, દાહિની ઓર કો તકિયા શ્રી સ્વામિનીજી કે ભાવકો હૈ ઔર બાઁયી ઓર કો તકિયા શ્રીકુમારિકાજી કે ભાવ કો હૈ.

વચનામૃત-૬

શ્રીઠાકુરજી કૂં પંચામૃત હોય હૈ વામેં દૂધ શ્રીસ્વામિનીજી કે ભાવ સૂં, દહી શ્રીચંદ્રાવલીજીકે ભાવ સૂં, ઘૃત શ્રીયમુનાજી કે ભાવ સૂં, બૂરો શ્રીકુમારિકાજીકે ભાવ સૂં ઔર શહદ શ્રીપુલિંદીજી કે ભાવ સૂં આવે હૈં. શ્રીપુરુષોત્તમ તો વૈસે હી શુદ્ધ હૈં. ઉનકૂં શુદ્ધ હોય વે કી કહા આવશ્યકતા? પરંતુ નહીં, પ્રભુ ઇન પાઁચન કે ભાવ સૂં હી શુદ્ધ હોય હૈં.

વચનામૃત-૭

શ્રીમહાપ્રભુજીને સેવા કે આઠ કે સમય દર્શન યાસૂં રાખે હૈં જો જીવ અષ્ટપ્રહર સેવા મેં લગ્યો રહે.

વચનામૃત-૮

'**તારા** મંગલ હોય ગયો' યાકો અર્થ હૈ કિ તારારૂપ બ્રજ ઔર મંગલરૂપ શ્રીઠાકુરજી, અર્થાત્ રમણ હ્વૈ ગયો.

વચનામૃત-૯

હોરી કે ખેલ મેં ચંદન શ્રીસ્વામિનીજી કે ભાવ સૂં, ગુલાલ શ્રીચંદ્રાવલીજી કે ભાવ સૂં, અબીર શ્રીકુમારિકાજી કે ભાવ સૂં ઔર ચોવા શ્રીયંમુનાજી કે ભાવ સૂં આવે હૈં. રંગ યા ભાવ સૂં આવે હૈં કિ શ્રીસ્વામિનીજી ઔર શ્રીઠાકુરજી કો રંગ મેં રંગ મિલ જાય, પિચકારી, મિલવે કી સૂચના કરે હૈ.

વચનામૃત-૧૦

શ્રી વ્રજભક્તાન કે પ્રેમ કી ધારા ઉષ્ણકાલ મેં કુહારા હૈ. તાસૂં કુહારા કો જલ શ્રીયમુનાજી મેં યા કોઈ જલાશય મેં પધરાવનો. અર્થાત્ વહ જલ કોઈ ખરાબ જગહ મેં ન જાય.

વચનામૃત-૧૧

મંગલા શ્રીયશોદાજી કે ભાવ સૂં, શૃંગાર શ્રીસ્વામિનીજી કે ભાવ સૂં, ગ્વાલ અંતરંગ ગ્વાલન કે ભાવ સૂં, ગોપીવલ્લભ વ્રજભક્તાન કે ભાવ સૂં, રાજભોગ શ્રીસ્વામિનીજી કે ભાવ સૂં, ઉત્થાપન શ્રીપુલિંદીજી કે ભાવ

સૂં, ભોગ શ્રીસ્વામિનીજી કે ભાવ સૂં, સંધ્યા શ્રીઠાકુરજી ગાય ચરાયકેં આવેં યાકે ભાવ સૂં ઔર સેન શ્રીસ્વામિનીજી કેં ભાવ સૂં હોય હૈં.

વચનામૃત-૧૨

જો લીલા કે કરિવે મેં શ્રીઠાકુરજી કૂં શ્રમ ભયો, વહ લીલા મર્યાદા હૈ. જૈસે નાગદમન લીલા, અસુરસંહારાદિ લીલા ઇત્યાદિ. યે લીલા વ્યૂહાત્મક સ્વરૂપ કે દ્વારા ભઈ હૈ.

વચનામૃત-૧૩

મથુરાજી મેં હૂ શ્રીયમુનાપાન કેવલ વલ્લભઘાટ પે શ્રીગોકુલ કે ભાવ સૂં કિયો જાય.

વચનામૃત-૧૪

ચૌરાસી વૈષ્ણુવ, ચૌરાસી ગ્રંથ, ચૌરાસી કોસ કી યાત્રા, ચૌરાસી બૈઠક ઔર બ્રહ્મસંબંધ મંત્ર કે અક્ષર ચૌરાસી યાસૂં હૈં જીવ કૂં ચૌરાસી લક્ષ યોનિ મેં સૂં નિકારનો. ચૌરાસી કોસ કી બ્રજ પરિક્રમા કરિવે સૂં, ચૌરાસી ગ્રંથ પાઠ કરિવે સૂં, ચૌરાસી વૈષ્ણુવન કી વાર્તા પઢિયે સૂં, ચૌરાસી અક્ષર કે બ્રહ્મસંબંધ મંત્રકો જપ કરિવે સૂં જીવ, જગત મેં ચૌરાસી લાખ યોનિ મેં પડ઼િવે સૂં બચ જાયગો.

વચનામૃત-૧૫

બાલલીલા મેં સ્નેહ, કિશોર લીલામેં આસક્તિ ઔર રાજ લીલા મેં વ્યસન આવે હૈ. રાજ લીલા મેં રાજભોગ ઔર ભોગ કે સમય કો સમાવેશ હોય હૈ.

વચનામૃત-૧૬

નિત્ય કી એક ઝારી જો આવે હૈ વહ શ્રીસ્વામિનીજી કે ભાવ સૂં આવે હૈ. રાજભોગ મેં કેવલ જો દૂસરી ઝારી આવે હૈ સો શ્રીયમુનાજી કે ભાવ સૂં આવે હૈ. બંટા શ્રી કુમારિકાન કે ભાવ સૂં આવે હૈ.

વચનામૃત-૧૭

વૈસે તો નિત્ય કે ખેલ મેં શ્રીઠાકુરજી શ્રીહસ્ત મેં છોટી પિચકારી ધરે હૈં; પરંતુ ડોલ ઉત્સવ કે દિન નહીં આવે.

વચનામૃત-૧૮

એક દિવસે જૂનાગઢમાં ભોજન કરીને આપશ્રી ગાદી ઉપર તકિયાને અઢેલીને બિરાજતા હતા, ત્યારે ચકુભાઈની પ્રેરણાથી પ્રેમજીભાઈ કંસારાએ પૂછયું કે 'જે રાજ ! હોરીખેલ કયા યૂથાધિપતિના ભાવથી છે ?'

પ્રશ્ન સાંભળતાં જ આપશ્રી ગાદીમાં બેઠા થઈ ગયા અને કહ્યું :

'હોરી કો ખેલ શ્રીચંદ્રાવલીજી કે ભાવ સૂં હૈ. શ્રીચંદ્રાવલીજી પરકીયા હૈં. ઔર ખેલ કો સુખ પરકીયા મેં અધિક આવે હૈ. ક્યોં કિ, શ્રીસ્વામિનીજી મેં નેક સ્વકીયત્વ હૈ, હોરી મેં શ્રીચંદ્રાવલીજી કી મુખ્યતા ઔર રાસ મેં શ્રીસ્વામિનીજી કી. યા હી તેં અષ્ટપદીમેં શ્રીચંદ્રાવલીજીસ્વરૂપ 'રાધે તવ પૂરયતુ મનોરથ....'

ઇતિ શ્રીદામોદરલાલજી મહારાજ (મથુરાવારેન કે)
૧૮ વચનામૃત સંપૂર્ણ.

વચનામૃત-રત્નાકર, ભાગ ૧

૪

સંગીતકલાધર ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજનાં

૧૫ વચનામૃત

સંગીતકલાધર
ગો. શ્રી
દ્વારકેશલાલજી મહારાજનાં

* ૧૫ વચનામૃત *

જીવન-પરિમલ

સંગીતકલાધર ગો. શ્રી દ્વારકેશવલાલજી મહારાજનું પ્રાકટ્ય સં. ૧૯૫૬ ના ચૈત્ર વદિ ૧ ના દિને પોરબંદરમાં થયું હતું. પિતાશ્રીનું નામ શ્રી ઘનશ્યામલાલજી મહારાજ અને માતુશ્રીનું નામ શ્રી પ્રાણવતી (શ્રી પાર્વતી) વહુજી. ભક્તિમતી મીરાંબાઈના પિત્રાઈ ભાઈ મેડતાવાળા રાજા જયમલ્લજીના સેવ્ય શ્રી મદનમોહનલાલજી (યુગલ-સ્વરૂપ) આપશ્રીના મંદિરમાં બિરાજે છે. આપશ્રીના વડીલ બંધુનું નામ શ્રી દામોદરલાલજી.

આપશ્રીનું પ્રાકટ્ય થયું ત્યારે સં. ૧૯૫૬ માં દુષ્કાળ હતો અને પ્લેગની ભયંકર બિમારી ચાલતી હતી. આને કારણે મંદિરના સેવકો સેવા કરીને રાતના 'મહારાજ બાગ' માં ચાલ્યા જતા. પિતાશ્રી ઘનશ્યામલાલજી મહારાજ એ સમયે મુંબઈ બિરાજતા હતા.

શ્રી દ્વારકેશલાલજી મહારાજનાં ભાભીજી શ્રી પ્રાણવતી વહુજી પાસે મણિબહેન નામનાં એક વૈષ્ણવ બાઈ રહેતાં. એક દિવસે શ્રી મદનમોહનલાલજીનાં દર્શન કરતી વખતે આ બાઈએ ખોળો પાથરીને દંડવત્ કરતાં શ્રી મદનમોહનલાલજીને વિનંતી કરી કે,

‘અમારાં ભાભીજીને એક લાલબાવા છે; પરંતુ એઓશ્રી તો મથુરા બિરાજે છે. હવે બીજા એક લાલબાવા શ્રીનું પ્રાકટ્ય થાય તો અહીં બિરાજીને આપશ્રીને લાડ લડાવે, તેવી કૃપા કરો.’

મણિબાઈની આ વિનંતીનો શ્રી ઠાકોરજીએ જાણે સ્વીકાર કર્યો હોય તેમ તરત જ વેણુજી વડાં થઈ ગયાં !

ત્યાર પછી સામે વર્ષે જ શ્રી દ્વારકેશલાલજી મહારાજનું પ્રાકટ્ય થયું. અનન્ય શિરોમણિ તાતજી શ્રી રમણલાલજી મહારાજ એ વખતે કાશીમાં બિરાજતા હતા. ત્યાં શ્રી જીવનલાલ મહારાજ (કાશીવાળા) ઉપર પોરબંદરથી તાર ગયો. એઓશ્રીનો છડીદાર બલકરણ, શ્રી તાતજી મહારાજને વધાઈ આપવા ગયો :

‘જે જે કી જે હો ! પોરબંદર મેં આપ કે યહાँ પૌત્ર કો પ્રાગટ્ય ભયો.’ વધાઈ સાંભળતાં જ આપશ્રીએ અતિશય પ્રસન્ન થઈને પોતાના શ્રીહસ્તમાં સોનાનાં નકોર કડાં પહેર્યાં હતાં; તે બલકરણને વધાઈમાં આપી દીધાં ! પછી શ્રીહસ્તથી અષ્ટાક્ષર મંત્ર લખી, તેને અને પ્રસાદી તુલસીની કંઠીને કવરમાં નાખીને પોરબંદર મોકલાવ્યાં, તે સાથે સૂચના લખી કે ‘આ અષ્ટાક્ષર વાંચીને બાવાને જમણા કાનમાં ત્રણ વખત ‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’ સંભળાવીને તાતજીની પ્રસાદી તુલસીની માળા મોકલી છે, તે પહેરાવજો.’ તાતાજીની આ કૃપાપ્રસાદીથી શ્રી દ્વારકેશલાલજી મહારાજનું સમગ્ર જીવન ભગવન્મય અને સ્નેહાર્દ્ર બની ગયું !

શ્રી દ્વારકેશલાલજી મહારાજનો ‘યજ્ઞોપવીત પ્રસ્તાવ’ પોરબંદરમાં સં. ૧૯૬૮ માં થયો હતો. એઓશ્રીનું પ્રથમ લગ્ન સં. ૧૯૭૨ ના ફાગણ સુદિ ૨ ના દિવસે દ્વારકાવાળા કરંજી શ્રી બલદેવલાલજી અને સેવાપરાયણ શ્રી કમલા બેટીજીનાં સુશીલા પુત્રી શ્રી રત્નપ્રભા વહુજી (નાથુબા) સાથે થયું હતું. શ્રી રત્નપ્રભા વહુજી પણ પતિદેવની જેમ સેવા-કથાની આસક્તિવાળા હતાં. આ દંપતીએ વિવિધ મનોરથો દ્વારા શ્રી મદનમોહનલાલજીને જે લાડ લડાવ્યાં છે, તે ચિરસ્મરણીય રહેશે.

પતિ–પત્ની કાવ્યરચનામાં પણ નિપુણ હોવાથી બંનેએ અસંખ્ય ધોળ–પદ–કીર્તનોની રચના કરી છે. વહુજીની કવયિત્રીછાપ ‘કુમુદિની’ છે. એઓશ્રીનાં ૧. નવવિલાસના ગરબા તથા ૨. રસિક કૌમુદી નામક બે પુસ્તકો છપાઈ ગયાં છે, જે વૈષ્ણવ જનતામાં ઘણાં જ પ્રિય થઈ પડયાં છે.

શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીએ મુંબઈ-મોટા મંદિરવાળા ગો. શ્રીગોકુલનાથજી મહારાજની પ્રેરણાથી વિદ્યાધ્યયન કર્યું હતું. સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી મગનલાલ શાસ્ત્રીજીએ શ્રી સુબોધિનીજીની પંક્તિ લગાડતાં શીખવ્યું હતું, ત્યારથી એઓશ્રીના સ્વાધ્યાય તેમજ વાચન–મનમાં શ્રી સુબોધિનીજીની મુખ્યતા રહી હતી.

સં. ૧૯૮૫ માં એઓશ્રીએ સ્વતંત્ર રીતે વ્રજપરિક્રમા કરી હતી. ત્યાર પછી પણ એકાદ–બે પરિક્રમા કરી હતી. સં. ૨૦૧૬ માં પોતાના પરિવારને તેમ જ અનુયાયી વર્ગને સાથે લઈને વ્રજની બેઠકયાત્રાનો આનંદ લીધો હતો.

આપશ્રીનું દ્વિતીય લગ્ન સં. ૧૯૯૭ ના જેઠ વદિ ૯ ના દિવસે-પ્રથમ વહુજીનાં નાનાં બહેન શ્રી કમલપ્રભા વહુજી (છમકલબા) સાથે દ્વારકામાં થયું હતું, એઓશ્રી પણ કવયિત્રી હતાં અને 'શ્યામા'ના ઉપનામથી કાવ્યરચના કરતાં. આ વહુજીથી આપશ્રીને બે લાલબાવાઓ થયા હતા, પરંતુ બંને અલ્પ વયમાં જ લીલાસ્થ થયા હતા.

પ્રથમ પત્ની શ્રી રત્નપ્રભા વહુજીનાં ચાર સંતાનો ૧. શ્રી માધવરાયજી અને ૨. શ્રી રસિકરાયજી–આ બે લાલબાવાશ્રી અને ૧. શ્રીરસિકપ્રિયા બેટીજી (શ્રીપન્નૂબા) અને ૨. શ્રી મહાલક્ષ્મી બેટીજી (મોરબા) નામક બે બેટીજીઓ છે. બંને લાલબાવાશ્રીમાં મહાનુભાવ પૂર્વજોના ઉત્તમ સંસ્કારોનો આવિર્ભાવ થયેલો જોવામાં આવે છે.

પૂજ્ય પિતાશ્રી ઘનશ્યામલાલજી મહારાજ જેવા શ્રેષ્ઠ હાર્મોનિયમવાદક હતા, તેવા જ આપશ્રી પણ ઉત્તમ કોટિના વાદ્યકલાકાર હતા. હાર્મોનિયમના પાસાઓ ઉપર સધાયેલી કરાંગુલિઓનું નર્તન થતું કે શ્રોતાજનોનાં માનસ-ચક્ષુઓ સમીપ રાગનું સાકાર સ્વરૂપ ખડું થઈ જતું!

સં. ૨૦૦૮ માં કલકત્તાની 'ઑલ ઇન્ડિયા મ્યુઝિક કોન્ફરન્સ' તરફથી આપશ્રીને માનભર્યું નિમંત્રણ મળતાં ત્યાં પધાર્યા હતા અને તા. ૩૦–૫–૫૨ના દિને યુનિવર્સિટીની વિશાળ હૉલમાં કલકત્તાના લૉ મિનિસ્ટર, નગરપતિ અને સંભાવિત સજ્જનોની વિશાળ સભામાં આયોજિત સંગીતના કાર્યક્રમ પછી ચાંદીના કાસ્કેટમાં 'માનપત્ર' સાથે ચાંદીનો કલાત્મક શંખ ભેટ આપીને કલકત્તાની સંગીતપ્રેમી જનતાએ આપશ્રીનું બહુમાન કર્યું હતું.

પોરબંદરમાં 'પથદીપ,' 'ગાંધર્વ સંગીત વિદ્યાલય' અને 'હાઈસ્કૂલ'ના સંયુક્ત આશ્રયે સં. ૨૦૦૮ના શ્રાવણ વદિ ૫ ને રવિવારે સત્કાર–સમારંભ યોજીને પોરબંદરની સંગીતપ્રિય જનતાએ આપશ્રીને 'માનપત્ર' અર્પણ કર્યું હતું.

ત્યારબાદ 'ગાંધર્વ મહાવિદ્યાલય'– અમદાવાદના ૨૦મા વાર્ષિકોત્સવ પ્રસંગે સં. ૨૦૧૧ના અષાડ વદિ ૩૦ને મંગળવાર તા. ૧૯–૭–૫૫ના દિને આપશ્રીને પ્રેમાભાઈ હૉલમાં મેયરપત્ની શ્રીમતી પદ્માબહેન જયકૃષ્ણ હરિવલ્લભદાસના હાથથી 'માનપત્ર' આપવામાં આવ્યું હતું.

સં. ૨૦૧૨ના પોષ માસમાં શ્રી. વસંતરામ શાસ્ત્રીજી અને શ્રીવિઠ્ઠલદાસ સી. શાહના દ્વારા યોજાયેલ ‘સંગીત સંમેલન’માં તૃતીય ગૃહાધીશ ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીના વરદ હસ્તથી આપશ્રીને ‘સન્માનપાત્ર’ આપવામાં આવ્યું હતું. મથુરાની ‘બ્રજકલા પરિષદ’, ‘મોહલ્લા સમાજ કલ્યાણ સમિતિ’ અને ‘ચંદન સંગીત વિદ્યાલય’ તરફથી પણ આપશ્રીને ‘સન્માનપત્ર’ પ્રાપ્ત થયું હતું.

સં. ૨૦૧૫માં શ્રીનાથદ્વાર મંદિર પ્રકરણ આંદોલન વખતે આપશ્રી ૫૦૦ વૈષ્ણવોને સાથે લઈને સ્પેશ્યલ ટ્રેઈનમાં શાન્ત સત્યાગ્રહ માટે શ્રીનાથદ્વાર પધાર્યા હતા. ત્યાં યોજાયેલી વિશાળ સભામાં આપશ્રીએ બહુજ સારું વ્યાખ્યાન આપીને સર્વને પ્રભાવિત કર્યા હતા.

રાજકોટની ‘સંગીત નાટક ઍકેડેમી’ના આપશ્રી પરામર્શદાતા અને ‘બ્રજ સાહિત્ય મંડલ’–મથુરાના ઉચ્ચ પદ ઉપર બિરાજતા હતા.

આવી રીતે સંગીત, વાદનકલા, ચિત્રકલા અને પાકકલાના આપશ્રી મર્મજ્ઞ હતા. આપશ્રીની બેઠકમાં નિત્ય રાત્રિના કલા અને સાહિત્યરસિકોનો દરબાર ભરાતો. પોરબંદરના કલારસિક આને ‘શ્રીદ્વારકેશ-દરબાર’ કહેતા. વિશિષ્ટ ઉત્સવ-મનોરથ–જન્મદિન પ્રસંગે વધાઈ, કીર્તનો અને ધમાર ગવડાવતા, ત્યારે વિજ્ઞ શ્રોતાઓ તન્મય બની જતા! વિદ્વાનો, વૃત્તેશ્વરીઓ અને કલાકારોનું ઉચિત સન્માન કરતા. આપશ્રીનું સેવાપ્રાવીણ્ય પ્રશંસનીય હતું. આગંતુકનો મહાપ્રસાદથી સ્વાગત કરવાનો આપશ્રીનો મહોદાર સ્વભાવ હતો. શ્રીસુબોધિનીજીનો કથાપ્રેમ તેમજ સાંપ્રદાયિક સાહિત્યના વાચન–મનનનો ભાવ અનેરો હતો. હિંદી, વ્રજ અને ગુજરાતી ભાષા ઉપર આપશ્રીનું ઘણુંજ પ્રશંસનીય પ્રભુત્વ હતું. વ્રજભાષામાં અસંખ્ય કીર્તનોની રચના કરીછે. તેમાંના, ભાષા, ભાવ, વ્યંજના, રસ અને અલંકારો આપશ્રીની રસિકતાયુક્ત કવિત્વશક્તિના પરિચાયક છે.

એઓશ્રી પોતાને ગુરુ નહીં, પણ ‘ગુરુદ્વારાભૂત’ માનતા; પોતાનું જૂઠણ કોઈને આપતા નહીં; પત્રમાં ‘શ્રી.. સ્મરણ’ ખાસ લખતા; પ્રાચીન આચારમર્યાદાના સંપૂર્ણ આગ્રહી હોવા છતાં નૂતન વિચારસરણિમાં સારો રસ ધરાવતા અને ‘સારું તેટલું ગ્રાહ્ય’ના સમર્થક હતા; નિંદાસ્તુતિથી સદૈવ પર રહેતા.

છેલ્લે હૃદયરોગના ચિંતાજનક અસ્વાસ્થ્યમાં પણ શ્રીમુખ ઉપર પ્રસન્નતાની ઝાંખી થતી. હાર્ટએટેકના હુમલા વખતે પણ કીર્તનોની સરવાણી ફૂટતી, તે આ પંક્તિના લેખક પાસે લખાવતા. સં. ૨૦૧૯ના ભાદરવા વદિ ૫ના શ્રીહરિરાયજીનો ઉત્સવ મનાવી, રાત્રિની બેઠકમાં મોટી ‘દાનલીલા’નું અવગાહન કરી, આવનાર બધાંને આલુની કચોરી અને કેસરી દૂધ વાંટયું હતું. રાત્રિના ૧૧–૦૦ વાગ્યે શ્રીસુબોધિનીજીના નિત્યના વાચનક્રમમાં ભીષ્મપિતામહના અંતિમ પ્રયાણના શ્લોક सोऽन्तःश्वास

उपारमत् ઉપરનાં શ્રીસુબોધિનીજી વાંચી, શ્રીયમુનાષ્ટકના तनुनवत्वमेतावता ની ટીકા વાંચીને પોઢી ગયા. ભાદરવા વદિ ૬ના પ્રાતઃકાળે હાર્ટએટેકનો હુમલો થયો કે તરત જ ગાદી ઉપરથી ઊતરી, નીચે કંતાન બિછાવેલું હતું, તે ઉપર સૂઈ જઈ, 'શ્રીવલ્લભ!'ના ઉચ્ચાર સાથે જ છેલ્લો શ્વાસ લઈ નિત્યલીલામાં પધાર્યા.

આપશ્રીની રચનાઓમાં ૧. વ્રજમાધુરીનિકુંજ, ૨. વ્રજમાધુરીસુધા અને ૩. સંગીતકલા ઉપરનાં ત્રણ વ્યાખ્યનો તેમજ સાંપ્રદાયિક માસિકોમાં અનેક લેખાદિ સાહિત્ય તથા એઓશ્રીના લેખોનો સંગ્રહ ૪.'પુષ્ટિમાર્ગનો મર્મ' છપાયેલા છે. તદુપરાંત એઓશ્રીનો સ્મારકગ્રંથ 'પુષ્ટિપાથેય' પણ પ્રસિદ્ધ થયો છે.

અહીં 'શ્રીદ્વારકેશલાલજી મહારાજનાં ૧૫ વચનામૃત' પ્રસિદ્ધ થાય છે.

વચનામૃત-૧

શ્રીદ્વારકેશ પ્રભુ સં. ૨૦૦૨ના જેઠ વદિ ૧ શનિવારની રાત્રે षोडशग्रंथ માંના 'સેવાફળ'ની સંસ્કૃત ટીકાઓનું વાચન કરતા હતા. કથામાં 'શ્રીઠાકોરજીના સંબંધમાં આવેલી સર્વ વસ્તુ સ્વરૂપાત્મક છે'- એ વિષયનું પ્રતિપાદન કરતાં પોતાના અનુભવનો પ્રસંગ કહી સંભળાવ્યો : એક વાર અમે સકુટુંબ શ્રીનાથદ્વાર ગયા હતા. નિકુંજનાયકની સેવાદ્વારા હાથ પવિત્ર કરવા માટે ગો.તિલકાયિતશ્રી ગોવર્ધનલાલજી મહારાજની આજ્ઞા લઈને અમે સેવામાં નહાયા હતા. રાજભોગનો સમય થતાં તિલકાયિતશ્રી આરતી કરવા પધાર્યા. અમારા સામી કૃપાદૃષ્ટિ કરીને આજ્ઞા કરી : 'બાવા! એક સેવા કરોગે?' અમે વિનયપૂર્વક કહ્યું : 'હાઁ, જે, જો આજ્ઞા.' એટલે તિલકાયિતશ્રીએ આરતી વખતે ઘંટાનાદ કરવાની સેવા અમને સોંપી. અમે પરમ ભાગ્ય માનીને એ સેવાનો લાભ લીધો.

આરતી થઈ રહ્યા પછી શ્રીનાથજીને પરિક્રમા કરીને તિલકાયિતશ્રી અમારી પાસે પધાર્યા અને આસ્તેથી કહ્યું : 'બાવા, એક બાત અવશ્ય ધ્યાનમેં રખિયો. સેવા મેં આયવેવારે જો જો ઉપકરણ હૈં, વે સબ સ્વરૂપાત્મક હી હૈં. યે ટકોરી જો હૈ, સો શ્રીગુસાંઈજીકે સમય કી હૈ. દેખો બરસન તેં સેવા કરકે કિતની જીર્ણ હોઈ હૈ? યાતેં બડે આસ્તે સૂં સાવધાની સૂં બજાની ચહિયે.'

તિલકાયિતશ્રીનાં આ ભાવભર્યાં વચનામૃત સાંભળીને અમારાં નેત્રો હર્ષાશ્રુથી ઊભરાઈ ગયાં!

આપશ્રીએ વાત્સલ્યભરી આ સેવા-શિક્ષા દ્વારા અમને પ્રોત્સાહન આપવા માટે બડે મુખિયાજીને આજ્ઞા કરી :

'દેખો, મુખિયાજી! યે મથુરાવારે બાલકન મેં રત્ન હૈં, બડે ચતુર હૈં. આધી બાત મેં સબ સમઝ લેય હૈં, ઈનકૂં સેવા કો કાર્ય સોંપતે રહિયો.'

વચનામૃત-૨

સં.૨૦૦૨ના અષાડ સુદિ ૧૨ ગુરુવારે 'સેવાફલ'

ઉપર મઠપતિ જયગોપાલ ભટ્ટની ટીકામાં છેલ્લે સાયુજ્યને મુખ્ય ફલ બતાવતાં ટીકાકાર, અંતર્ગૃહગતાઓને રાસમંડલ-મંડનાઓથી લેશમાત્ર ન્યૂન ફળ મળ્યું નથી, તેનું શ્રીમદ્-ભાગવત-સુબોધિનીજી વગેરેથી સમર્થન કરે છે. આ પ્રસંગને સમજાવતાં આપશ્રીએ આજ્ઞા કરી: શ્રીગોકુલાધીશજી મંદિર-મુંબઈવાળા ગો. શ્રીગોવર્ધનલાલજી મહારાજનો અમારા ઉપર બહુ જ પ્રેમ હતો. એક વખત અમે શ્રીગોકુલાધીશ-જીના મંદિરે પધાર્યા, ત્યારે આપશ્રી જપકોઠામાં બિરાજતા હતા. સન્મુખમાં સંધ્યાનું સાહિત્ય હતું. ઊંચી જાતની અગરબત્તીથી વાતાવરણ સુગંધયુક્ત અને પવિત્ર લાગતું હતું. અમે નમસ્કારાદિક કરીને ત્યાં બેઠા, એટલે આપશ્રીએ અમારા પ્રત્યે પ્રસન્નતાસૂચક દૃષ્ટિ કરીને કહ્યું:

'દેખો, બાવા! શ્રીવલ્લભકુલ કે બાલકન કૂં તીન બાતન મેં બરાબર સાવધાન રહેનો ચહિયે.'

આમ કહીને આપશ્રીએ શ્રીહરિરાયજી વિરચિત 'જન્મવૈફલ્યનિરૂપણાષ્ટકમ'નો પ્રથમ શ્લોક અમને બહુ જ સરસ રીતે સમજાવ્યો.

नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुवोधिनी ।
नाराधिराधिकानाथो वृथा तज्जन्मभूतले ॥

આ શ્લોકમાં શ્રીહરિરાયજીએ ત્રણ બાબતો ઉપર ભાર મૂક્યો છે: (૧) શ્રીવલ્લભાધીશ-શ્રીમહાપ્રભુજીનો આશ્રય, (૨) શ્રીસુબોધિનીજીનું દર્શન, અને (૩) શ્રીરાધિકાનાથ-શ્રીકૃષ્ણની સેવા.

૧. શ્રીવલ્લભાધીશનો આશ્રય—સ્વમાર્ગનું રહસ્ય સમજવા માટે શ્રીમહાપ્રભુજીનો આશ્રય અત્યંત આવશ્યક છે. માટે મારો અનુરોધ છે કે શ્રીવલ્લભકુલના બાલકોએ સર્વપ્રથમ શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો જોઈએ.

૨. શ્રીસુબોધિનીજીનું દર્શન—શ્રીસુબોધિનીજીનું દર્શન એટલે એનું વારંવાર શ્રદ્ધાપૂર્વક શ્રવણ અને ભાવપૂર્વક મનન. જો શ્રીવલ્લભકુલના બાલકો, શ્રીસુબોધિનીજીનું શ્રવણ, વાચન અને મનન નહીં કરે તો બીજું કોણ કરશે? શ્રીસુબોધિનીજી તો શ્રીવલ્લભકુલના ઘરનો ગ્રંથ છે. એટલે એની રહસ્યવાર્તા પ્રત્યેક ગોસ્વામી બાલકે યથાર્થ રીતે અવશ્ય જાણી લેવી જોઈએ અને ત્યારપછી અધિકારી વૈષ્ણવોને તેનું દાન કરવું જોઈએ. જ્યાં નિરંતર શ્રીસુબોધિનીજીનું શ્રવણ, વાચન, મનન અને અધ્યયન-અધ્યાપન થતું હોય તે સ્થાનની તથા તે વ્યક્તિના ભાગ્યની શી વાત કરવી?

૩. શ્રીરાધિકાનાથ-શ્રીકૃષ્ણનું આરાધન-સેવન—સેવા એ તો શ્રીવલ્લભકુલનો પ્રિય વિષય હોવો જોઈએ. 'આપ સેવા કરી શીખવે શ્રીહરિ' એ નવાખ્યાનમાંની પ.ભ. શ્રીગોપાલદાસભાઈની પંક્તિના ભાવનો વિચાર કરીને શ્રીવલ્લભકુલનાં બાલકોએ પ્રતિક્ષણ સેવાપરાયણ રહેવું જોઈએ.

આટલું કહીને શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીએ કથામાં આવેલ શ્રોતા વૈષ્ણવોને આજ્ઞા કરી કે, ‘શ્રીહરિરાયજીએ આજ્ઞા કરેલ આ ત્રણ બાબતો ઉપર વૈષ્ણવો ધ્યાન આપી, તેને આચરણમાં મૂકશે, તો તેમને અવશ્યમેવ પુષ્ટિફલની પ્રાપ્તિ થશે.

વચનામૃત-૩

સં.૨૦૦૩ના ભાદરવા સુદિ ૬ ને રવિવારે રાત્રિના કથામાં ‘શ્રીયુગલગીત સુબોધિની ’ના निजपदाब्जदलैः એ ૧૬-૧૭ યુગલ પરની ટીકા સમજાવતાં આપશ્રીએ આજ્ઞા કરી કે, વ્રજભૂમિ ઉપર નિરંતર પશુઓના ચાલવાને લીધે, તેમની ખરીઓના ઘસારાથી-ઘાવથી કોમલ વ્રજભૂમિને પીડા થાય છે પોતાના ચરણારવિંદની દશે આંગળિયોના સ્પર્શથી અથવા ચરણકમલના તલભાગના સ્પર્શથી વ્રજભૂમિની પીડાને પ્રભુ શમાવે છે.

શ્રીવલ્લભજી મહારાજ, શ્રીસુબોધિનીજી ઉપરના પોતાના લેખમાં शमनम्‌ને પ્રથમામાં ઘટાવે છે. તેઓ લખે છે કે, આપશ્રીના ચરણારવિંદના સ્પર્શથી વ્રજભૂમિની આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક—એમ ત્રણે પ્રકારની વ્યથાને એવી રીતે શમાવે છે કે, ફરીથી પીડા ઉત્પન્ન થવાપણું જ રહેતું નથી. આ પુષ્ટિરીત છે. ભગવદ્‌ગીતામાં ભગવાનનું વચન છે કે, ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्‌ कुरुतेऽर्जुन। ‘ હે અર્જુન ! જ્ઞાનરૂપી અગ્નિ,

સર્વ કર્મોને ભસ્મ કરી નાખે છે. ’ આમાં જ્ઞાનાગ્નિનું સામર્થ્ય બતાવ્યું છે; પરંતુ તેમ થવાથી કર્મ, ભસ્મરૂપે તો અવશિષ્ટ રહે છે; જ્યારે ભક્તિમાર્ગમાં તો निहारमिव भास्करः એ વાક્ય પ્રમાણે, જેમ સૂર્યોદય થતાં ઝાકળ આત્યંતિક રીતે દૂર થાય છે, તેમ ભક્તિમાર્ગમાં બધાં કર્મો, બધી વ્યથાઓ આત્યંતિક રીતે દૂર થાય છે, તેનું પ્રશમન થાય છે. જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગની આ ઉત્કૃષ્ટતા છે.

વચનામૃત-૪

એક વાર શ્રીદામોદરદાસજીના સ્વરૂપ સંબંધી વાત નીકળતાં આપશ્રીએ આજ્ઞા કરી કે, એક સમય અમે મથુરામાં હતા, ત્યારે એક દિવસ મનોરથ થતાં અમે શ્રીવૃંદાવન બેઠકજીમાં ભોગ ધરવા અને ઝારી-ચરણસ્પર્શ કરવા ગયા હતા. પાછળથી તાતજી શ્રીરમણ પ્રભુએ બિહારી ખવાસને પૂછ્યું કે, ‘દ્વારકેશ કહાઁ ગયો ?’

બિહારી કહે : ‘બ્રિંદાબન.’ શ્રીરમણ પ્રભુએ કહ્યું : ‘હમસૂં કહે કે નાઁહી ગયો ? કયોં કિ વહાઁ મુખિયા ગડ઼બડ઼ કર દેગો. અચ્છી તરહ સૂં ભોગ ધરાયવે નાઁહી દેગો.’

ફલ-ફૂલ, મેવો, દૂધઘર લઇને અમે તો બેઠકજીએ પહોંચ્યા. અપરસ કરી ભીતર જઈ ઝારીજી ભરીને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીને ભોગ

ધરીને શ્રીદામોદરદાસજીને ધરવા જતા હતા, ત્યાં મુખિયાજીએ કહ્યું : 'જે, જે, શ્રીદામોદરદાસજી કૂં અલગ ભોગ ધરવે કો ક્રમ નહીં હૈ. વહાઁ તો શ્રીમહાપ્રભુજી કો ધર્યો ભયો ભોગ આય જાય હૈ.'

આથી અમે ત્રણેય સ્વરૂપોને ભોગ ધરી, સમયાનુસાર સરાવી, ચરણસ્પર્શ કરીને મથુરા જઈ સીધા તાતજીની બેઠકમાં જતા હતા, ત્યાં બિહારી ખવાસે વિનંતી કરી :

'બાવા ! તાતજી કૂં બિના કહે આપ બ્રિંદાબન પધારે, તાસૂં આપ અપ્રસન્ન ભયે હૈં.'

આ સાંભળતાં જ અમારા અંતરમાં પારાવાર ખેદ થયો કે 'હાય હાય ! યે મૈંને કહા કિયો ? બિના આજ્ઞા મૈં બ્રિંદાબન ક્યોં ગયો ? બડ઼ી ભારી ભૂલ કરી,' આમ પશ્ચાત્તાપ કરતાં ભીતર જઈ શ્રીતાતજીને હાથ જોડીને વિનંતી કરી । 'જે, જે ! કહા અપરાધ ભયો ?'

તાતજીએ કહ્યું : 'હમસૂં બિના કહે બ્રિંદાબન ક્યોં ગયો ? કહે કે જાતો તો હમ ભોગ ધરવે કો ક્રમ તો બતાતે ! વહાઁ તૈંને કૈસં કૈસે ભોગ ધરે ?'

પ્રત્યુત્તરમાં વૃંદાવન-બેઠકજીમાં અમે જે રીતે ભોગ ધર્યો હતો, તે નિવેદિત કરતાં કહ્યું : 'જે ! દામોદરદાસજી કૂં ભોગ ધરવે કી મુખિયાજીને નાँહી કરી, તાસૂં મૈંને અલગ ભોગ નાँહી ધરે.'

આ વાત સાંભળીને આપ બહુજ ખિજાણા અને કહ્યું :

'શ્રીદામોદરદાસજી કો તો મહાન અલૌકિક સ્વરૂપ હૈ. મુખિયા બિચારો કહા જાને ?'

ત્યારે અમે વિનંતી કરી કે,

'જે, રાજ ! યે અપરાધ કી ક્ષમા કા રીત સૂં હોય ?'

'હાઁ, યે તૈંને અચ્છી બાત કરી.' આમ કહીને પ્રસન્નતાથી આજ્ઞા કરી કે, 'તૂ ફેર બ્રિંદાબન અછૂતી સામગ્રી લે કે જા. જમુનાજી મેં હાથ ખાસા કરકે કારે કરકે દોહરે-તિહરે કંતાન મેં સામગ્રી લપેટ કે લે જા. ઔર વહાઁ જાયકે ચારોં ઠિકાને મેરી આડ઼ી સૂં ભોગ ધર. મુખિયા ના કહે તો ભી નહીં માનની. ઔર પીછે સબ પ્રસાદ અલગ અલગ બાँધકે યહાઁ લે આ.'

તાતજીની આજ્ઞાનુસાર ફરીવાર વૃંદાવન જઈ, ચારેય સ્વરૂપોને ભોગ ધરી, અલગ અલગ બાંધીને મથુરા જઈ શ્રીતાતજીની આગળ કંતાનમાં સમેટેલો મહાપ્રસાદ રાખ્યો. આપશ્રીએ શ્રીદામોદરદાસજીનો પ્રસાદ શ્રીહસ્તમાં લઈ પ્રસન્નતાપૂર્વક આજ્ઞા કરી :

'દેખ, જિનકે હૃદય મેં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી બિરાજ રહે હૈં, વે સ્વરૂપ સૂં અલગ નહીં હૈં.'

તાતજીના સ્વરૂપજ્ઞાનની આ અલૌકિક વાતથી અમને ઘણું જ જાણવાનું મળ્યું.

વચનામૃત-૫

એક દિવસે ધોરાજીમાં વચનામૃત કરતાં આપ-

શ્રીએ આજ્ઞા કરી કે, પુષ્ટિમાર્ગનું પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ શું છે, એ વિષે જાણવાની જરૂર છે. જપ, તપ, વ્રત, દાન, પુણ્ય—આ બધું સાધન છે. શાસ્ત્ર કહે છે કે અમુક સાધન કરો તો અમુક ફળની પ્રાપ્તિ થાય. પરંતુ આ બધાં સાધનો ચિરસ્થાયી ફળ માટે પૂરતાં છે? ફળ તો એ કહેવાય કે તે સ્વતંત્ર રીતે પણ ઉપયોગમાં લઈ શકાય. આ ફળ, ફલિત ક્યારે થાય? 'ફલ ફલિત હોય ફલરૂપ જાને'—આ ફળ છે.

આવું સર્વોત્તમ-આધિદૈવિક ફળ શ્રીમદ્ભાગવત છે. નિગમ એટલે વેદ, તે કલ્પવૃક્ષમાં રહીને गलितम् એટલે બહુ જ ગળેલ અથવા પૂરેપૂરી રીતે પરિપકવ થયેલ મિષ્ટમાં મિષ્ટ ફળ તે શ્રીમદ્ભાગવત. આમ વૃક્ષમાં રહીને પૂરેપૂરું પાકેલ હોય તેવા ફળમાં પોપટ ચાંચ મારે તો તે ફળનો સ્વાદ અમૃત જેવો થાય. ચાંચ મારેલ ફળમાં વધારે મીઠાશ ઉત્પન્ન થાય છે. આવી રીતે આ ભાગવત એ કલ્પતરુ રૂપી વેદનું પરિપકવ થયેલ ફળ છે અને તે ફળને ફલિત કરનાર શ્રીશુકદેવજી છે. તે ફળને શ્રીશુકદેવજીએ ચાખેલ છે, આસ્વાદિત કરેલ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, આ મિષ્ટ ફળ તૈયાર છે; પણ એ ફળ તમને કોઈ ચખાડનાર ન હોય તો? તેનો આસ્વાદ તો કોઈ રસ પીવડાવનાર હોય તો જ મળે. મિષ્ટ ફળ તૈયાર છે, પણ તેનો સ્વાદ કેવો છે, તેની તમને ખબર નથી. ફળને લઈને મોકલનાર કે બતાવનાર તો કોઈ જોઈએ ને? એટલે શ્રીશુકદેવજીના મુખારવિંદથી આસ્વાદિત થયેલ ફળ, પરમનિધિ શ્રીમહાપ્રભુજીએ આપણને બતાવ્યું છે, ચખાડ્યું છે. શ્રીમદ્ભાગવતરૂપી પરિપકવ ફળના શ્રીસુબોધિનીરૂપી રસનું આપણને પાન કરાવવાની કૃપા વિચારી છે.

વચનામૃત-૬

ધોરાજીમાં તા. ૧૧-૧૦-૫૬ના દિને ભગવદ્ભક્તોના ગૃહાસ્થાશ્રમ વિષે સમજાવતાં આપશ્રીએ આજ્ઞા કરી કે, અલૌકિક ફળનો રસાસ્વાદ માતૃચરણ શ્રીયશોદાજીએ કરેલો છે. પ્રાતઃકાળનો સમય છે. માતા યશોદાજી દધિમંથન કરી રહ્યાં છે અને સુતના ગુણ ગાઈ રહ્યાં છે. આ શું બતાવે છે? શ્રીયશોદાજી એ પોતાના જીવનની અંદર ઊતરીને બતાવ્યું છે કે, ભગવદ્ભક્તોનો ગૃહાસ્થાશ્રમ અલૌકિક હોય છે. માતૃચરણ શ્રીયશોદાજી દધિમંથન કરતાં કરતાં શ્રીઠાકોરજીના ગુણગાન કરે છે, ત્યારે દધિમંથનનો અને કંકણ-કટિકિંણીના ઝણઝણાટનો અવાજ થઈ રહ્યો છે. તેથી દિશાનાં અમંગલ દૂર થઈ ગયાં છે. માતાજી આ બધું શા માટે કરે છે? પોતાના લાડીલા શ્રીબાલકૃષ્ણ માટે. ભગવદ્ભક્તોનો ગૃહાસ્થાશ્રમ પણ પ્રભુઅર્થે જ હોવો જોઈએ. શ્રીમહાપ્રભુજી પોતાના એક પ્રસિદ્ધ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે, ગૃહાસ્થાશ્રમ કરો, પણ તે પુત્રપ્રાપ્તિ અર્થે. અને તેમાં પણ ભગવદ્ભક્ત પુત્ર થાય તે માટે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણ-

વોની આવી ભાવના હોવી જોઈએ. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આવાં ઘણાં દૃષ્ટાંતો આવે છે. ભગવદ્વાર્તામાં તે નિત્ય વંચાય છે. પણ આપણે તેનો સાર ક્યાં ગ્રહણ કરવો છે? સાર ગ્રહણ કરીને તે પ્રમાણે આચરણ કરીએ તો તો આપણું કામ થઈ જાય!

વચનામૃત-૭

પ્રસંગને આગળ ચલાવતાં આપશ્રીએ આજ્ઞા કરી કે, ભગવદીય ગૃહાસ્થાશ્રમ અને ભક્તપ્રેમનું વર્તમાનકાળનું એક સત્ય દૃષ્ટાંત આપું છું: મધ્ય પ્રદેશમાં 'આગર' નામનું એક ગામ છે. ત્યાં એક પરમ ભગવદીય મુનશી કુટુંબ રહે છે. આ કુટુંબનો મને ઘણોજ પરિચય છે. ઇ. સ. ૧૮૫૭નો બળવો થયો, ત્યારે અંગ્રેજ સૈનિકો દાઝના માર્યા પ્રજાને મારવા અને લૂંટવા લાગ્યા. આથી લોકો પોતાની કિંમતી વસ્તુ લઈને જાન-માલ બચાવવા નાસભાગ કરવા લાગ્યા. ત્યારે આ ભગવદ્ભક્ત મુનશીજીએ શું કર્યું તે જાણો છો? સાંભળો: કેટલો સુંદર પ્રસંગ છે! મુનશીજીને ઐશ્વર્ય-ભર્યા ઘરમાંથી પરમ ઐશ્વર્યનિધાન શ્રીઠાકોરજી જ એકમાત્ર લેવા જેવા—પધરાવી જવા જેવા લાગ્યા! પોતાના સેવ્યસ્વરૂપને કંઠે લગાવીને તે ઉપર સ્વચ્છ કપડાંનો પાટો બાંધીને ચાલી નીકળ્યા. ઘરે જતાં જતાં ઘર આગળ કહેતા ગયા કે 'હું મારા પ્રભુને લઈને જાઉં છું. તમારી ઇચ્છા હોય તે સાચવજો. જે થવાનું હશે તે થશે.' આમ કેહીને તેઓ ચાલતા થયા.

ચાલતાં ચાલતાં રસ્તામાં તેમને ડાકુનો ભેટો થયો. શરીર ઉપર કાંઈ ન મળતાં મુનશીજીના કંઠ સામી આંગળી ચીંધીને તેણે પૂછ્યું:

'ઇસમેં ક્યા હૈ?'

મુનશીજીએ બેધડક કહ્યું: 'ભાઈ! અહીં તો ગૂમડું છે; ત્યાં ન અડશો.' મુનશીજી જેમ ના પાડતા જાય, તેમ તેમ પેલાનો વહેમ ધધતો જાય! પેલાએ પાટો પકડીને ઝટકો માર્યો કે લોહી-પરુની ધાર થઈ!

'અબે કૈસા ગંદા હો? ભાગ ભાગ યહાঁ સે!' કહીને પેલો ડાકુ તો ચાલતો થઈ ગયો!

ભય દૂર થયા પછી મુનશીજીને પશ્ચાત્તાપ થયો કે, 'પ્રભુ! મેં આજ આપને કેટલો બધો પરિશ્ર આપ્યો છે!' ભગવદીયથી બધું સહન થઈ શકે છે; પરંતુ ભગવાનનો પરિશ્રમ સહી શકાતો નથી.

ત્યાંથી મુનશીજી ગો.શ્રી પન્નાલાલજી મહારાજ પાસે માંડવી ગયા. બનાવની વાત કરીને વિનંતી કરી કે 'કૃપાનાથ! હું આજે મોટા અપરાધમાં આવ્યો છું.'

હકીકત સાંભળતાં જ મહારાજશ્રી તેમને ભેટી પડ્યા અને કહ્યું કે, 'મુનશીજી! તમે તમારી ફરજ બરાબર બજાવી છે. બીજાઓ જ્યારે ચલિત ધન-દોલત લઈને ભાગ્યા છે, ત્યારે તમે તમારું સર્વસ્વ, અવિચલ અને અલૌકિક ધન

કંઠે લગાવીને નીકળ્યા છો! હું તમારા ઉપર ખૂબ જ પ્રસન્ન થયો છું. તમે કાંઈક માગો.'

'પ્રભુ! આપે મને આ અલૌકિક નિધિ આપેલ છે, તેનાથી વિશેષ ઉત્તમ વસ્તુ બીજી કઈ હોઈ શકે?'

મહારાજશ્રી કહે: 'તમારે કાંઈક તો માગવું જ પડશે.'

ત્યારે મુનશીજીએ કહ્યું: 'કૃપાનાથ! આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને એવું વરદાન આપો કે, મારા ઉપર તથા મારા કુટુંબ ઉપર સદાય શ્રીવલ્લભકુલની કૃપા રહે.'

આજે પણ મુનશીજીના વંશજો છે. તેમના કુટુંબમાં બી. એ., એલએલ. બી., એમ. એ. જેવી ઉચ્ચ કેળવણી લીધેલાઓ પણ ભગવત્પરાયણ છે. તેમના બાળકોના સંસ્કાર પણ પુષ્ટિસંપ્રદાયને શોભાવે તેવા છે.

વચનામૃત-૮

ફેર આપશ્રીએ આજ્ઞા કરી કે, 'આગરવાળા મુનશીજીના ઘરમાં એક બાળકને ટાઈફોઇડ થયેલ. અમારું મુકામ એ વખતે તેમને ત્યાં જ હતું. થોડાક દિવસ પછી ડૉક્ટરે મગનું પાણી અને ગળેલા ભાત લેવાની રજા આપી. નહાવાની સખત મનાઈ હતી. પણ બાળકે નાહ્યા સિવાય જમવાની ના પાડી. ઘરનાં બધાં વારાફરતી ઘણું ઘણું સમજાવે પણ તે જમે જ નહીં! ત્યારે ઘરનાં માણસો અમારી પાસે આવીને કહેવા લાગ્યાં કે,

'જે, જે, આ બાળકને ટાઈફોઈડની અસર છે. અને તે નાહ્યા વગર જમવાની હા નથી પાડતો. આપ તેને સમજાવો.'

જ્યારે બાળકને અમે પ્યારથી ભોજન કરવાનું કહ્યું, ત્યારે જાણો છો, તેણે શો જવાબ આપ્યો? સાંભળો. બાળકે કહ્યું:

'ગુરુદેવ! આપ આજ્ઞા કરશો તો હું જમીશ; પરંતુ મારાં માતાપિતા તો નિત્ય મને સ્નાન કરીને શ્રીઠાકોરજીના ચરણસ્પર્શ કર્યા પછી જ જમવાનું કહે છે. છતાં આજે તેમ કરવાની કેમ ના પાડે છે? મને આજે પણ હંમેશની જેમ કર્તવ્ય કરવાની તેમની પાસેથી રજા અપાવવા કૃપા કરો.'

બાળકની આ શ્રદ્ધા-ભાવના જોઈને અમારું હૃદય હર્ષગદ્ગદિત બની ગયું! બાળકનો શુદ્ધ ભાવ સાથેનો આગ્રહ જોઈ અમે તેના માતાપિતાને કહ્યું: 'બાળક કહે તેમ તમે કરો. ભગવત્કૃપાથી તેનો વાળ પણ વાંકો નહીં થાય!'

જોઈ લેજો, શ્રદ્ધા કેવું અજબ કામ કરે છે!

વચનામૃત-૯

આપશ્રીએ વચનામૃત કરતાં આજ્ઞા કરી કે, માંગરોળવાળા હરિભાઈ ભગવદ્ભક્તનું પ્રેરણા લેવા જેવું દષ્ટાંત આપીશ. માંગરોળ મુસલમાની રાજ્ય. ત્યાંના દરબારમાં

હરિભાઈની ઊંચા હોદ્દાની નોકરી હતી. હરિભાઈ તો ચુસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ. આચાર-વિચારમાં એક્કા! અનન્યતાની ટેકવાળા! સંસારીઓને અને સત્સંગીઓને પરાપૂર્વથી અણબનાવ ચાલ્યો આવે છે, તેવું અહીં પણ થયું. કેટલાક વિઘ્નસંતોષીઓએ દરબારને ફરિયાદ કરી કે, 'સાહેબ! હરિભાઈ ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષ ધારણ નથી કરતા, માટે આપ તેમને હુકમ કરો કે બીજા બ્રાહ્મણોની જેમ તેઓ પણ રૂદ્રાક્ષ ધારણ કરીને આવે.'

આથી દરબારે હરિભાઈને હુકમ કર્યો કે, 'તમારે આવતી કાલથી કપાળ ઉપર ત્રિપુંડ્ર અને ગળામાં રૂદ્રાક્ષ ધારણ કરીને દરબારમાં આવવું.'

હરિભાઈ, દરબારનો મનોભાવ જાણી ગયા. તેમણે કહ્યું: 'બહુ સારું.'

બીજે દિવસે ખૂબ જ ભાવથી શ્રીઠાકોરજીની સેવા કરીને મસ્તક ઉપર ઊર્ધ્વપુંડ્ર તિલક અને ગળામાં તુલસીમાળા ધારણ કરી, પેટ ઉપર ત્રિપુંડ્ર તાણી, ત્યાં રૂદ્રાક્ષની માળા બાંધી લઈ દરબારમાં આવ્યા. દરબારે પૂછ્યું:

'કેમ, હરિભાઈ! અમારા હુકમનું પાલન ન કર્યું?'

હરિભાઈ કહે: 'જી, સરકાર! કર્યું છે.' આમ કહી બંડી ઊંચી કરીને પેટ ઉપર તાણેલું ત્રિપુંડ્ર તથા તે ઉપર બાંધેલી રૂદ્રાક્ષની માળા બતાવી. દરબારે આશ્ચર્યચકિત થઈ પૂછ્યું: 'આ શું!?'

'નામદાર! મસ્તક તો મેં શ્રીગુરુદેવના ચરણમાં ધર્યું છે, એટલે ત્યાં તો એઓશ્રીએ આપેલી છાપ ધારણ કરી છે. અને આ પેટ ભરવા માટે આપની નોકરી કરું છું, એટલે આપના હુકમનું પાલન કરતાં તેના ઉપર ત્રિપુંડ્ર-રૂદ્રાક્ષ ધારણ કર્યાં છે. હવે મારે આપની નોકરી કરવી નથી. આ રાજીનામું.'

હરિભાઈની આવી દઢતા જોઈ રાજા ખુશી થયો. તેમની ખૂબ જ કદર કરી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, શ્રીમહાપ્રભુજીએ અને ભગવદ્ભક્તોએ કહેલ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો અને આચાર-વિચારો, સર્વપ્રથમ પોતાના આચરણમાં મૂકયા પછી જ અન્યને તેમ કરવાની શિખામણ આપી છે. શ્રીમહાપ્રભુજીને જેમ જેમ પ્રભુની આજ્ઞા મળી, તેમ તેમ એઓશ્રીએ કર્તવ્યમાં મૂકીને આપણા માટે ગ્રંથમાં સમજાવ્યું છે. ઉચ્ચ આદર્શો આપણા જીવનમાં મનસા-વાચા-કર્મણા ઓતપ્રોત થઈ જવા જોઈએ. મનથી જુદું, વાણીથી જુદું અને આચરણમાં તદ્દન વિપરીત ન હોવું જોઈએ. ૮૪-૨૫૨ વૈષ્ણવોના દાખલા આપણે હંમેશાં વાંચીએ છીએ. એ આપણી વૈષ્ણવતાનો ઉચ્ચ આદર્શ છે.

વચનામૃત-૧૦

આપશ્રીએ વચનામૃત કરતાં આજ્ઞા કરી કે અપણે ગૃહસ્થ છીએ. એટલે ગૃહસ્થાશ્રમનું પાલન કરતાં કરતાં

પણ મન પ્રભુમાં આસક્ત હોવું જોઈએ, તલ્લીન હોવું જોઈએ. મનની તલ્લીનતાનો એક સુંદર પ્રસંગ કહું છું. જનક વિદેહી મહાન પ્રતાપી રાજા થઈ ગયા છે. તે એવડું મોટું રાજય ચલાવવા છતાં પ્રભુપરાયણ જ હતા. વિદેહી એટલે જીવતાં છતાં જીવનમુક્ત. જે પોતાના જીવનનો બધો સમય પ્રભુને અર્પણ કરે, એટલે જેનું જીવન ભગવન્મય બની જાય, તે જીવન્મુક્ત કહેવાય.

એક વખતે એક ઋષિને શંકા થઇ કે, આવડા મોટા રાજ્યકારભારમાં લાગેલા હોવા છતાં જનક રાજા વિદેહી કેમ? રાજ્યની અને ગૃહસ્થાશ્રમની આંટીઘૂંટીમાં પડેલાને તે વળી વિદેહી કહેવાય ખરું? આવડા મોટા વહીવટમાં તેમને ભગવત્સ્મરણ કરવા જેટલો સમય ક્યાંથી મળે? ચાલો, આજે તો તેમની પાસે જઇને ખાતરી કરું.

ઋષિ આવ્યા એટલે તેમનું સન્માન કરીને રાજા તેમને પોતાના મહેલમાં લઇ આવ્યા અને દીનતાપૂર્વક કહેવા લાગ્યા કે, 'ઓહો! મારાં અહોભાગ્ય કે આજે આપ મારે ત્યાં પધાર્યા અને મારા ઉપર કૃપા કરી. આજે મેં આપની પધરામણીના ઉપલક્ષ્યમાં નગરમાં મોટો ઉત્સવ મનાવ્યો છે. માટે આપ શોભાયાત્રામાં સાથે ચાલો, કે જેથી આપનાં દર્શનનો લાભ મારી પ્રજાને મળે.'

ઋષિ શા માટે પધાર્યા છે, તે રાજા જાણી ગયા હતા. ઋષિના મનનું સમાધાન કરવા માટે તેમણે આ યોજના કરી હતી. શોભાયાત્રા ચાલુ થઈ, એટલે રાજાએ એક જલપાત્ર ઋષિના હાથમાં આપતાં કહ્યું કે, 'ઋષિવર્ય! આ પવિત્ર જલપાત્ર આપે હાથમાં રાખવાનું છે. જો જો, તેમાંથી એક બિંદુ પણ નીચે ન પડવું જોઈએ. જો નગરપરિક્રમા કરતાં જલપાત્રમાંથી એક પણ બિંદુ નીચે પડશે, તો મારો આ સિપાહી આપનો શિરચ્છેદ કરશે.'

ઋષિને થયું કે, આજે આપણી સલામતી ભયમાં છે, માટે સાવચેતીથી કામ લેવું પડશે.

જનક રાજાએ ઉત્સવને અંગે સમગ્ર નગર શણગારવાનો તાત્કાલિક હુકમ કરી દીધો હતો. તે પ્રમાણે ઠેરઠેર દુકાનો અને મકાનો નવાનવા શણગારથી શોભાયમાન લાગતાં હતાં. ઋષિની સાથે ચાલતા રાજા દરેકનું વર્ણન કરીને ઋષિને બતાવતા જાય છે, સમજાવતા જાય છે; પણ ઋષિનું ધ્યાન તો જલપાત્રની સપાટી ઉપર જ કેન્દ્રિત થઇ ગયું છે!

નગરપરિક્રમા પૂરી થતાં રાજાએ પૂછ્યું: 'ઋષિરાજ! મારા નગરજનોએ કરેલા શણગારમાં આપે શી શી નવીનતા જોઈ, તે કૃપા કરીને સમજાવો.'

ઋષિ કહે: 'શણગાર? અહીં શણગાર સામી નજર જ કોની ગઇ છે? જલપાત્રમાં ધ્યાન રાખું કે શણગાર જોઉં? આખી પરિક્રમામાં જલપાત્ર સિવાય બીજે ક્યાંય મારું ધ્યાન ગયું નથી!'

જનક રાજાએ હસતાં હસતાં કહ્યું : 'ત્યારે આપની શંકાનું સમાધાન થઇ ગયું ને !

ઋષિ, જનક રાજાની ટકોર સમજી ગયા.

જનક રાજાએ કહ્યું : 'મહારાજ ! આપે શોભાયાત્રામાં સાથે ફરતાં જેમ આપના મનને પાત્રમાં જ રાખ્યું, તેમ હું પણ આ વિશાળ રાજયનો વહીવટકર્તા હોવા છતાં મારું મન, પ્રભુકૃપાથી એઓશ્રીના ચરણારવિંદમા જ તલ્લીન રાખવાની કોશિષ કરું છું.'

વૈષ્ણવોએ પણ સંસારમાં રહેવા છતાં મન, પ્રભુચરણમાં જ રાખવું જોઇએ.

વચનામૃત-૧૧

એક સમય આપશ્રીએ વચનામૃત કરતાં કહ્યું કે, વિદ્યાર્થીને જયારે ભણતરની શરૂઆત કરાવવામાં આવે છે, ત્યારે માસ્તર તેનો હાથ પકડીને તેને એકડો ઘૂંટતાં શીખવાડે છે. કારણ કે, પ્રારંભમાં તે સ્વતંત્ર રીતે લખી શકે એવી સ્થિતિમાં નથી હોતો. આમ જયારે તે અનેકવાર એક જ અક્ષર ઘૂંટે છે, ત્યારપછી તે સ્વતંત્ર રીતે લખી શકે છે. પછી જેમ જેમ તે ભણતરમાં આગળ વધતો જાય છે, તેમ તેમ તેની કિંમત સમજાતી જાય છે. તેને એમ થાય છે કે, 'મારે ભણવું જોઈએ. મારું લેસન નિયમિત કરવું જોઈ એ; નહીંતર વર્ષ બગડશે.' પહેલાં શરૂઆતમાં ભણવાની ઉપાધિ માસ્તરને હતી, તે ઉપાધિ હવે વિદ્યાર્થી પોતે જ ઉઠાવી લે છે. જેઓ એકડો ઘૂંટવામાં પ્રથમથી જ ધ્યાન નથી આપતા, તેઓ આગળ વધી શકતા નથી. જયારે અહીં આપણે વિષે પણ તેમ જ છે! હજી તો આપણે એકડો પણ ઘૂંટયો નથી! એટલે કે, પેલા વિદ્યાર્થીની જેમ સ્વતંત્ર રીતે આગળ વધી શકીએ એમ નથી. આવા સંજોગોમાં અન્ય વસ્તુઓમાં મન ન રાખતાં હંમેશાં ભગવત્સ્મરણ કરવું અને કૃપાનિધિ શ્રીમહાપ્રભુજીએ બતાવેલા સિદ્ધાંતને આચરણમાં મૂકશો તો પ્રભુ અવશ્ય પ્રસન્ન થશે. શ્રીનંદરાજકુમાર તમને અલૌકિક ફળનો રસાસ્વાદ કરાવો.

વચનામૃત-૧૨

'**પ્રભુ** ઉત્તમ વસ્તુના ભોક્તા છે. જે વસ્તુ કે કલા આપણને પ્રસન્ન કરી શકતી નથી, તે કલાનિધાન પ્રભુને શી રીતે પ્રસન્ન કરી શકે ?' આ સિદ્ધાંતવાકયોનું સમર્થન કરતાં એક દિવસે આપશ્રીએ આજ્ઞા કરી કે, અષ્ટસખાઓમાં જે ગોવિંદસ્વામી હતા, તેઓ એક વાર મંદિરમાં બેઠા હતા અને મંદિરની બહાર ચોતરા ઉપર બેઠો બેઠો એક સાધુ બેસૂરું ગાઈ રહ્યો હતો, એ સાંભળીને ગોવિંદસ્વામીને કાંઈક ક્ષોભ થયો અને બહાર આવીને સાધુને કહેવા લાગ્યા :

'ભૈયા ! તુમ બેસુરા કયોં ગાય રહે હો ?'

સાધુએ કહ્યું :

'મૈં તો અપને રામકો રિઝા રહા હૂઁ.'

આ સાંભળીને ગોવિંદસ્વામી બોલી ઊઠ્યા :

'મૂર્ખ ! તુમ મોય જૈસે સામાન્ય મનુષ્ય કૂં નહીં રિઝા સકા, તો પરમ ચતુર શિરોમણિ-કલાનાથ પ્રભુ કૂં કૈસે રિઝાયેગો ?'

વચનામૃત-૧૩

સં.૨૦૦૨ના અષાડ સુદિ ૧૩ ને દિવસે શ્રીસુબોધિનીજીનું વાચન કરતાં આપશ્રીએ કહ્યું કે, નિકુંજનાયક શ્રીનાથજીની સેવા તો ભાગ્ય હોય તેને જ પ્રાપ્ત થાય છે. એક વાર અમે સહકુટુંબ શ્રીનાથજીદ્વારા ગયા હતા, ત્યારે બડે મુખિયાજીની કૃપાથી મને શ્રીનાથજીના અંગવસ્ત્રની સેવાનું સૌભાગ્ય મળ્યું હતું. ચાંદીની કુંડીમાં ગરમ-સુહાતું-જલ ભરેલું હતું. તેમાં વસ્ત્ર બોળીને અંગવસ્ત્ર કરવાનું હતું. મેં જલમાં વસ્ત્ર બોળી, મરોડી દઈને નીચોવ્યા પછી વસ્ત્રને ખોલીને ફટકાર્યું, ત્યાં તો મુખિયાજી બોલી ઊઠ્યા :

'હાઁ, હાઁ, બાવા ! ઐસે વસ્ત્ર કૂં ખોલ કેં ફટકારને સૂં તો હવા લગવે સૂં શીતલ હ્વૈ જાયગો. યાતેં વસ્ત્ર કૂં આસ્તે સૂં ખોલ કેં અંગવસ્ત્ર કરનો ચહિયે.'

બડે મુખિયાજીએ કૃપા કરીને મને સેવાની આવી તો અનેક વાત્સલ્યમય રીતો અને વાતો બતાવી છે. ભાગ્ય હોય તેને જ આવી સ્નેહમાર્ગની રીતો જાણવા મળે છે.

વચનામૃત-૧૪

એક દિવસે શ્રીસુબોધિનીજીની કથા કહેતાં આપશ્રીએ પુષ્ટિમાર્ગીય 'ધર્મ' પુરુષાર્થ ઉપર સમજાવતાં આજ્ઞા કરી કે, 'ધર્મ' શબ્દની વ્યાખ્યા દરેક સંપ્રદાયમાં પોતપોતાના મતાનુસાર કરવામાં આવી છે. નાના પ્રકારનાં કર્મ-યજ્ઞયાગાદિ કરવાં, તેને ધર્મ કહેવામાં આવે છે; પરંતુ એ યજ્ઞ-યાગાદિક જે ધર્મ છે, તેનાથી પ્રાપ્ત થનારું ફલ ચિરકથાયી છે યા નહીં તે વિચારવું જોઈએ. વેદમાં કહ્યું છે કે, स्वर्गकामो यजेत 'સ્વર્ગની પ્રાપ્તિ માટે યજ્ઞ કરો.' પરંતુ વિચારી જોતાં એ સ્વર્ગપ્રાપ્તિરૂપી ફલ ચિરસ્થાયી નથી. શ્રીમદ્‌ભગવદ્‌ ગીતામાં લખ્યું છે કે,

ते तं मुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।

એટલે કે, યજનરૂપી પુરુષાર્થ દ્વારા સ્વર્ગરૂપી ફલ પ્રાપ્ત થાય છે; પરંતુ તે ક્ષીણ થતાં પાછો મૃત્યુલોક પ્રાપ્ત થાય છે અને પાછું બધું નવેસરથી કરવાનું રહે છે. આમ હોવાથી એ ફલ ચિરસ્થાયી છે, એ કેમ કહી શકાય ?

જેમકે, એક માણસ પરદેશથી ધન કમાઈને દેશમાં આવ્યો હોય, અને અહીં ધન ખૂટી જતાં પાછું તેને પરદેશની મુસાફરીએ ઊપડવું પડે છે. પરિણામે તેનું દેશ-પરદેશ વચ્ચેનું આવાગમન જીવનપર્યંત ચાલુ રહે છે, તેના જેવું થયું. અરે, સ્વર્ગલોક કરતાં તો આ મૃત્યુલોક

લાભદાયી છે. દાખલા તરીકે, મૃત્યુલોકમાં કોઈ શેઠના મકાનમાં આપણે ભાડૂત તરીકે રહેતા હોઈએ અને મુદત પૂરી થતાં આપણને નોટિસ મળે છે, ત્યારે મકાન-માલિક-શેઠને નમ્રતાપૂર્વક અરજ કરતાં થોડી ઘણી મુદત વધારી આપે છે; પરંતુ સ્વર્ગલોકમાં તો ફલ પૂરું થતાં એક મિનિટ પણ રહી શકાતું નથી !

શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીય ‘ધર્મ’ પુરુષાર્થ સમજાવતાં આજ્ઞા કરે છે કે,

सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।

આ સ્વધર્મ–આત્મધર્મના પાલનમાં પણ ‘સર્વદા’ શબ્દ મૂકીને આચાર્યચરણો આની વિશેષતા બતાવે છે કે, આ ‘ધર્મ’માં કોઈ પણ કાલની–સમયની મર્યાદા નથી; પરંતુ નિરંતર કરવાનો છે.

એક વાર શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણચૈતન્યનો મિલાપ થતાં બંને આચાર્યો પોતપોતાના સિદ્ધાંતોની ચર્ચા કરતા હતા, ત્યારે શ્રીકૃષ્ણચૈતન્યે કહ્યું કે, ‘ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો ટકે એટલી વાર પણ જીવ પ્રભુનું નામ લે તો કૃતાર્થ થાય છે.’ ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે, ‘અમારી તો માન્યતા છે કે, ગાયના શિંગડા ઉપર રાઈનો દાણો ટકે એટલી વાર પણ જો પ્રભુનામ ન લેવાય તો આસુરા-વેશ થાય છે !’ એટલે

કે, ભગવન્નામ નિરંતર લેવું જોઈએ એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

ભાગદ્ધર્મ ‘સર્વદા’ કરવા સાથે ‘સર્વભાવે’ કરવાની શ્રી આચાર્યચરણોની આજ્ઞા છે. એટલે કે, જેટલા ભાવ શ્રીપ્રભુમાં ઘટી શકે, તેટલા બધા ભાવ સહિત પ્રભુનું સેવા-સ્મરણ કરવું જોઈએ. ‘સર્વભાવે’ એટલે સર્વાત્મભાવે અગર શ્રીગોપીજનોના ભાવે ભગવદ્ભજન કરવું. પોતાનું–જીવનું આ જ કર્તવ્ય છે.

વચનામૃત–૧૫

એક દિવસે આપશ્રીએ વચનામૃત કરતાં કહ્યું કે, મંદિરોમાં પ્રભુ પધરાવવાનું અને દર્શન કરાવવાનું કારણ એ જ છે કે, બહારના કલુષિત વાતવરણથી ગ્રસાઈ ગયેલા જીવો, પ્રભુનાં દર્શન કરીને પોતાના આત્માને પવિત્ર કરે. દર્શન કરતાં કરતાં પ્રભુએ શું શૃંગાર ધર્યા છે, કેવાં વસ્ત્ર છે, કઈ ભાવના છે અને કેવી ભાવના પ્રમાણે કીર્તન થઈ રહ્યાં છે, તેનું ઘેર જઈને મનન કરે. પોતાને ઘેર જો શ્રીઠાકોરજી બિરાજતા હોય, તો ઉપરની ભાવનાને અનુસરીને સેવા કરે અને મનન પણ કરે. આમ થવાથી બંને લાભ મળે અને સોનામાં સુગંધ જેવું થાય !